श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्बुधानाम् ॥१॥

पु. १७. वीर सं. २४४५–आश्विन. आत्म सं. २४ } अंक ३ जो.

प्रकाशक– जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


૧ પ્રભુ સ્તુતિ. ( રા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ ) ... ... ... ૫૭
૨ વિદ્યાનું દૈવત. ( રા० શ્યામજી લવજી કવિ. ) ... ... ... ... ૫૮
૩ કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો ( રા. કુબેરલાલ અં. ત્રિવેદી ) ... ... ... ૫૯
૪ મનુષ્યની પ્રભાવશીલતા. ( રા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.) ... ... ૬૦
૫ સત્સાજ્ઞનું આંતરાત્મપ્રતિ પ્રોત્સાહન. ( રા. ફતેહચંદ ઝવેરભાઇ ) ... ... ૬૬
૬ સાધુજનોની સેવાથી લાભ શી રીતે લઇ શકાય ? (મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી). ૬૮
૭ સ્વકર્તવ્ય પ્રેરક સૂક્ત વચન. ( ,, ) ... ૬૯
૮ કામદેવ વિષયવાસનાનું જોર. ( ,, ) ... ૭૦
૯ આચાર્યાદિક ઉત્તમ પદો પાત્રમાંજ શોભે છે ( ,, ) ... ૭૨
૧૦ જૈન સમાજની આધુનિક સ્થિતિ. (રા. માવજી દામજી ) ... ... ... ૭૩
૧૧ દેવદ્રવ્ય સંબંધી ચાલતી ચર્ચા ( I A. ) ... ... ... ... ૭૫
૧૨ દિવાળીનું સ્તવન. ( પં० અજીતસાગર મહારાજ ) ... ... ... ૮૦
૧૩ પ્રાચીન અને નવીન ભાવનાનું સંઘર્ષણ ( ન્યાય અન્વેષક ) ... ... ૮૧


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને સૂચના.

# સોળમા વર્ષની બે અપૂર્વ ભેટ

## ૧ " શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. "

(શ્રી જ્ઞાનસાર–ગદ્ય–પદ્ય અનુવાદ મૂળ સાથે.)

## ૨ " શ્રી કામઘટ કથાપ્રબંધ. "

ઉપર જણાવ્યા પ્રમાણે આ વખતે બે બુક ભેટ તરીકે લવાજમના લેણા પુરતા પૈસાનું વી૦ પી૦ કરી અમારા દરેક સુજ્ઞ ગ્રાહકોને મોકલવાનું કાર્ય શરૂ થઇ ગયું છે. આ માસની આખર સુધીમાં જે ગ્રાહકોને ભેટની બુક ન મળી હોય તેમણે અમોને જણાવવા વિનંતિ છે. દરેક કદરદાન ગ્રાહકો તે સ્વીકારી લેશે અને પાછી વાળી નકામું જ્ઞાન ખાતાને નુકશાન નહીં કરે તેમ અમોને ખાત્રી છે. અને તે સ્વીકારી લેવા વિનંતિ છે.

બીજી બુક કામઘટ કથાપ્રબંધ ( મંગળ કળશ ) કથાનો રસીક ગ્રંથ પણ આ વર્ષ સાથે ભેટ આપવામાં આવે છે. અને ત્રીજો આ સભાનો ત્રણ વર્ષનો રીપોર્ટ ( સં. ૧૯૭૨ ના કારતક શુદ ૧ થી સં. ૧૯૭૪ ના આશો વદી ૧૦ સુધીનો સાથે ભેટ મોકલવામાં આવેલ છે તે જણાવવા રજા લઇયે છીયે.

---

## શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત
## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમાં સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુસ્કેલી જણાતાં તેવા જીવોનો ઉપકાર કરવા નિમિતે જ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. મોક્ષના કારણ એવા ભાવઅધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ. ૦–૮–૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

---

# ખાસ આભાર.

## "શ્રી કામઘટ કથા પ્રબંધ."

આ રસિક અને બોધક કથાનક ગ્રંથ જેમાં કે પુણ્ય પાપનો સંવાદનું ચમત્કારીક વર્ણન આપવામાં આવેલું છે, જેના લેખક શાન્તમૂર્તિ શ્રીમાન કર્પૂરવિજયજી મહારાજ છે તેઓશ્રીએ આ માસીકના તમામ ગ્રાહકોને ઉક્તગ્રંથ ભેટ આપવા માટે જે કૃપા બતાવી છે તેના માટે આ સભા ઉપકાર માને છે, અને તેઓ શ્રીના ઉપદેશથી આ ગ્રંથના પ્રસિદ્ધ કર્તા શ્રી સાણંદ જૈન યુવકમંડલે બતાવેલ ઉદારતા માટે તેઓને ધન્યવાદ ઘટે છે.

**શ્રી જૈન આત્માનંદ સભા.**
**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १७ ] वीर संवत् २४४५, आश्विन. आत्म संवत् २४. [ अंक ३ जो.


## શ્રી પ્રભુસ્તુતિ.

### માલિની.

ચલકિત કરતા જે અંતરાત્માની જ્યોતિ,
પ્રકટ કરી પ્રદીપ કેવલજ્ઞાન રૂપી;
રમણુ નિત કરે છે આત્મ આનંદ માંહે,
પરમ પુરૂષ તે તો ચિદ્દઘનાનંદ રીતે.
પ્રકટ કરી અભેદે ભાવના પૂર્ણ હર્ષે,
જીનવર જયકારી આત્મ ઉત્કર્ષ સાધે;
પ્રભુ અતિ ઉપકારી નિત્ય હૃદયે વસીને,
સકલ ભવિ જનોના કર્મના બંધ છેદે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિદ્યાનું દૈવત.

## સવૈયા. ( લાવણી ).

( રચનાર—રા. રા. શ્યામજી લવજી ભટ્ટ-વરલ નિવાસી )

અહા ! પ્રભાકર થકી અધિકી પ્રકાશમય પૂરણ વિદ્યા,
ફક્ત સૂર્ય તો બાહ્ય પ્રકાશક અંતર બાહ્ય બધે વિદ્યા;
અમૃતમય કિરણોથી ઇન્દુ બાહ્ય તાપ શામક સુખદા,
બાહ્યાભ્યંતર તણા બહુધા તાપ ત્રિવિધ ટાળક વિદ્યા.
સર્વભક્ષી છે પાવક તદપિ અઘને નહિ પ્રજાળે કદા,
અમિત જન્મના સંચિત પાતક ભસ્મીભૂત કરે વિદ્યા;
કલિમલહારક અઘમોદ્ધારક નદીઓ છે સુરસરિતાદા,
પાવનને પાવન કરનારી પવિત્રતામય છે વિદ્યા.
ખર્ચ્યે ખૂટે કાં કોઇ લૂંટે અનેક ભયપ્રદ દ્રવ્ય સદા,
પણ ખર્ચ્યે પ્રતિદિવસ વધે છે ભય રહીત તે ધનવિદ્યા;
અન્ન તૃપ્તિકર ગણાય તદપિ ક્ષણિક ફરજ નિજ કરે અદા,
પણ જીવન પર્યંત લગી છે અખંડ તૃપ્તિકર વિદ્યા.
અમર નાશ પામે કલ્પાન્તે સુધાપાન કરનાર સદા,
'શ્યામ' સંસૃતિ નાશક નિશ્ચય અમૃતમય રસમય વિદ્યા.

# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

રચનાર—શ્રીયુત કુંબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

( ગતાંક પૃષ્ટ ૩૫ થી શરૂ )

पीतोऽगस्त्येन तातश्चरणतलहतो वल्लभोऽन्येन रोषा
दाबाल्याद्विप्रवर्यैः स्ववदनविवरे धारिता वैरिणी मे ।
गेहं मे छेदयन्ति प्रतिदिनमुमाकान्तपूजानिमित्तं
तस्मात्खिन्ना सदाहं द्विजकुलसदनं नाथ नित्यं त्यजामि ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( મનહર ).

અંજલી કરી અગસ્ત્ય પી ગયા પિતાને મારા,
ભૃગુએ પ્રહાર દીધો પાદતણો પ્યારાને;
ઉમાપતિતણી સેવા કરવા વિષે જ રોજ,
બ્રાહ્મણો ખપાય મળી છેદે ઘર મારાને;
બાળકથી માંડી વૃદ્ધ સુધી સહુ વિપ્રવરો,
મારી વેરી શારદાને મુખ માંહિ ધારે છે;
એથી અતિ ખેદ પામી અંતર સદાય મારૂં,
દ્વિજ ઘેર જતાં, નાથ! નિત્ય મને વારે છે.

इभतुरगरथैः प्रयान्ति मूर्खा धनरहिता विबुधाः प्रयान्ति पद्भ्याम् ।
गिरिशिखरगताऽपि काकपङ्क्तिः पुलिनगतै र्न समत्वमेति हंसैः ॥

( રૂચિરા. )

હાથી, હય કે રથ મ્યાનામાં બેસી મૂર્ખો મ્હાલે રે,
વિત્તવિના વિદ્વાન પુરૂષો સદૈવ ચરણે ચાલે રે;
ગિરિશિખરપર ભલે બેઠતી હોય કાગની હારો રે,
રેતીમાં ફરતા હંસોની સમાન એ નવ ધારો રે.

ताम्बूलस्य गुणाः सन्ति सखे शतसहस्रशः ।
एकोऽपि च महादोषो यस्य दानाद्विसर्जनम् ॥

( દોહરો. )

અસંખ્ય ગુણ તાંબુલમાં, પણ મોટો એક દોષ;
જનને જેના દાનથી, કરાય છે બેહોશ.

भवन्ति नम्रास्तरवः फलोद्गमै
र्नवाम्बुभिर्भूरि विलंबिनो घनाः ।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः
स्वभाव एवैष परोपकारिणाम् ॥

( પુષ્પિતાગ્રા )

તરૂવર ફળથી નમે વધારે, સુજન સમૃદ્ધિ સમે ન ગર્વ ધારે;
જલથી જલદનો થતો નમાવ, પર ઉપકારી તણો જ એ સ્વભાવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



क्षमाशस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥

( અનુષ્ટુપ્ )

ક્ષમાશસ્ત્ર કરે જેને, તેને દુર્જન શું કરે ?
રણમાં જે પડ્યો વહ્નિ, એની મેળે જ તે ઠરે.

शिशुरपि निपुणो गुरोर्गरीयान्
न तु वपुषैव महान् महत्प्रतिष्ठः ।
मणिरणुरपि भूषणाय पुंसां
न तु पृथुलाऽपि शिला विलासहेतुः ॥

( સોરઠા )

મોટા તે નર જાણ, જેનામાં ગુણ છે ઘણા;
મોટા તો છે પાણ, પણ પેંરાય ન કોટમાં.
છે મણિ અણુ સમાન, પણ જન ભૂષણમાં ધરે,
બાળક પણ ગુણવાન, એમજ મોટપ માણશે.

—આલુ.

# મનુષ્યની પ્રભાવશીલતા.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

મનુષ્યને આ વાતનું જ્ઞાન હોય વા ન હોય, તો પણ તેનો પ્રભાવ અન્ય મનુષ્યોપર હમેશાં પડે છે જ. આ વાત સ્વાભાવિક રીતે જ બને છે. સ્વભાવતઃ એક માણસનો પ્રભાવ બીજા માણસપર પડે છે. આમાંથી કોઈ બચી શકતું નથી; પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે મનુષ્ય કદિ વિચાર સરખો પણ નથી કરતો કે બીજા મનુષ્યોપર પોતાનો શું પ્રભાવ પડી રહ્યો છે—મારા સ્વભાવથી, મારા શબ્દોથી, મારી શારીરિક સ્થિતિથી, મારા હાસ્યથી, વા મારા રૂદનથી અન્ય લોકોના જીવનમાં શું પરિવર્તન થાય છે? આ પ્રભાવ હમેશાં ધીમે ધીમે અવ્યક્તપણે પડ્યા કરે છે, જેનો મનુષ્યને કદાપિ ખ્યાલ પણ હોતો નથી. આપણા પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક કાર્યમાં કંઇને કંઈ પ્રભાવશીલતા રહેલી જ છે. જે શબ્દો આપણે ઉચ્ચારાએ છીએ અને આપણી ઇચ્છા અથવા સંકલ્પ વગર જે શારીરિક પ્રવૃત્તિઓ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલી રહી હોય છે તેમાં વિલક્ષણ પ્રકારની પ્રભાવશીલતા રહેલી છે. આટલો પ્રભાવ ઇચ્છા અથવા સંકલ્પ કર્યાથી પણ આપણે આપણી પ્રવૃત્તિઓથી પાડી શકતા નથી. આખા દિવસમાં એક ક્ષણ પણ એવી નથી જતી કે જેમાં મનુષ્યો પોતાની પ્રભાવશીલતાથી સંસારમાં કાંઇને કાંઈ પરિવર્તન નથી કરતા, પરંતુ એ પરિવર્તન એટલું બધું ધીમે ધીમે થાય છે કે મનુષ્યને એનું પૂરેપૂરું જ્ઞાન પણ હોતું નથી.

તેજ, પ્રકાશ, વિદ્યુત , આકર્ષણ આદિ પ્રકૃતિની સમસ્ત શક્તિઓ હમેશાં અવ્યક્તપણે અને મૌનભાવે પોતાનું કાર્ય બજાવ્યા કરે છે. આપણા દૃષ્ટિપથમાં તે કદિ આવતું નથી. તેની સ્થિતિનું જ્ઞાન આપણને તેનાં કાર્યો અને પરિણામોથી થાય છે. પ્રકૃતિમાં દૃશ્યમાન થતા પદાર્થોનું પરિણામ અદૃશ્ય પદાર્થોના વૈભવની સાથે સરખાવતાં તદ્દન તુચ્છ લાગે છે. દેખાવમાં સૂર્ય ઘણો મોટો છે, તેનો પ્રકાશ પણ ઘણો જ વધારે છે; પરંતુ પૃથ્વીના જીવ જંતુઓ તથા વનસ્પતિ વિગેરેના સંપૂર્ણ પોષણ અર્થે સૂર્યનું તેજ પુરતું નહિ હોવાથી વિશેષ પ્રકાશ માટે આપણને તારાઓનો આશ્રય લેવાની જરૂર પડે છે, જે તારાઓ પૃથ્વીથી અતિશય દૂર છે અને તેથી જ જે સંપૂર્ણતઃ જોઇ શકાતા નથી. આમ હજારો રીતે પ્રકૃતિ હમેશાં આપણને બતાવે છે કે અદૃશ્ય પદાર્થોની શક્તિ દૃશ્યમાન પદાર્થોની શક્તિથી અનેક ગુણ વધારે છે.

પ્રત્યેક મનુષ્યના હાથમાં ભલું અથવા બુરું કરવાની અદ્‌ભુત શક્તિ રહેલી છે. આ શક્તિ તેના જીવનનો પ્રભાવ છે. અમુક મનુષ્ય વાસ્તવિક રીતે કેવો છે, તેના અંતરંગ ભાવ અને વાસ્તવિક વિચારો કેવા છે એ સર્વેનાં પ્રતિબિંબરૂપ એ શક્તિ છે. કોઇ મનુષ્ય કંઇ પણ કાર્ય ન કરતો હોય, તોપણ તે પોતાના જીવનથી સંસારમાં હર્ષ વા શોક, આશા વા નિરાશા, ઔદાર્ય વા કાર્પણ્ય, સુખ વા દુઃખ આદિ ગુણ અવગુણ સર્વત્ર પ્રસારે છે. આપણા જીવનમાં બે કાર્યો હમેશાં બન્યાં કરે છે— એક તો એ કે બીજા લોકો ઉપર આપણો પ્રભાવ પાડવો તે અને બીજું આપણા ઉપર બીજાનો પ્રભાવ પડવો તે; કેમકે આપણો બીજા લોકો ઉપર અને બીજા લોકોનો આપણા ઉપર પ્રભાવ નિરંતર પડયાજ કરે છે.

સંસારમાં અનેક સ્રી પુરૂષો એવા હોય છે કે તેઓની ઉપસ્થિતિ માત્ર હર્ષ અને આનંદનું કારણ થઇ પડે છે. તેઓનાં દર્શનમાત્રથી આનંદ અને પ્રમોદ ફેલાઇ રહે છે, વાતાવરણ શાંતિમય જણાવા લાગે છે અને ક્ષણભર તો એવું ભાન થાય છે કે જગત્ આનંદ અને આશાનું જ સ્થાન છે; પરંતુ કેટલાક એવા મનુષ્યો પણ હોય છે કે જેઓની માત્ર આકૃતિ જોવાથી અશાંતિનો અનુભવ થવા લાગે છે, વિનાકારણ આપણા હૃદયમાં ચિંતા અને ગભરાટ ઉત્પન્ન થાય છે. સર્વત્ર નિરાશા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને નિરાશા જ માલુમ પડે છે, રમણીય સંસાર નિર્જન જંગલ સમાન ભાસે છે, એક કલાક મોટા પર્વત સમાન જણાય છે, કોઇ પણ વસ્તુ સારી લાગતી નથી અને કોઈ કાર્ય કરવાની પણ ઇચ્છા થતી નથી.

વળી કેટલાક મનુષ્યો એવા પણ છે કે જેઓ જીવન-સમુદ્રમાં બરફના પર્વતોની માફક તરતા ફરે છે. કોઈને તેઓની સહાનુભૂતિ હોતી નથી અને તેઓની પાસે કોઇ જઈ શકતું નથી. આવા માણસો સૌથી અલગ રહે છે. કદાચિત્ દૈવયોગે કોઇ તેની પાસે જઇ ચડે છે તો તે પાછળથી બહુ પસ્તાય છે કે હું અહિં ક્યાંથી આવી ચડયો ? તેમજ તે કોઇની પાસેથી નીકળે છે તો શોચ થાય છે કે તે માણસ અહિંઆ કયાંથા આવી ચડયો? આ પ્રકારના મનુષ્યોનો કેવો ભયંકર પ્રભાવ પડતો હશે તે સહજ સમજી શકાય તેવું છે, તેથી તેના વિશેષ વિવેચનની આવશ્યકતા નથી; પરંતુ આટલુંજ કહેવું બસ છે કે જે દુર્ભાગી મનુષ્ય તેની પાસે રહે છે તેનું જીવન અત્યંત દુ:ખમય અને કટુતામય હોય છે અને તે જીવંત છતાં મૃતદશા ભોગવે છે એમ કહેવામાં લેશપણ અત્યોક્તિ નથી. આથી ઉલ્ટું કેટલાક મનુષ્ય એવા પણ હોય છે કે જેઓ ઘણા હસમુખા, પ્રસન્નચિત્ત, ઉદારાત્મા, અને શાંતસ્વભાવી હોય છે. તેઓના ચ્હેરા ઉપર વીરતા અને સહનશીલતા ઝળકતી હોય છે. તેઓ પોતાના નિયત માર્ગપર નિર્ભયપણે વિચર્યા જ કરે છે. કઠિનતાઓ આવે તોપણ તેઓ સંપૂર્ણ પ્રસન્નતાપૂર્વક તેની સામે ટક્કર ઝીલે છે. આવા લોકોના પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક કાર્યમાંથી આશા અને આનંદનો પ્રવાહ વહે છે. જેવીરીતે સૂર્યના ઉદયથી અંધકાર ચાલ્યો જાય છે અને પ્રકાશ પ્રસરી રહે છે તેવી જ રીતે તેઓની દિવ્ય મૂર્તિના દર્શનથી નિરાશા પલાયન કરી જાય છે અને નિકૃષ્ટ કોટિના મનુષ્યોમાં પણ આશા અને ઉત્સાહનો સંચાર થાય છે.

કેટલાક લોકો મેલેરીયા તાવથી ગ્રસિત થયેલા સ્થાનની જેવા હોય છે. જેવી રીતે મેલેરીયાની હવાવાળા સ્થાનના સંસર્ગથી મેલેરીયાનો રોગ ઉત્પન્ન થાય છે. અથવા જે સ્થાનમાં પ્લેગ, કૉલેરા આદિ ચેપી રોગો પ્રવર્તમાન હોય છે તેવા સ્થાનમાં રહેવાથી ઉક્ત વ્યાધિઓ થવાનો ભય રહે છે તેવી રીતે આવા મનુષ્યોની નિકટ રહેવાથી અને તેઓના સંસર્ગથી ભયાનક, મલીન અને વિષમય પ્રભાવ પડે છે. આવા મનુષ્યો પોતાના ઘરની અંદર પણ રોગશોકથી ભરપૂર વિષમય વાતાવરણ ફેલાવે છે. તે ગૃહમાં પ્રવેશ કરે છે કે તરતજ ન્હાનાં બાળકો રમત ગમત તજી દે છે, આનંદ વિનોદ ચાલ્યો જાય છે અને સર્વના ચ્હેરા ઉપર શોકની છાયા પ્રસરી રહે છે. આવા મનુષ્યો દુનિયામાં એવા પ્રકારનું જીવન નિર્વહન કરે છે કે જાણે કે તેઓના ઘરમાં હમેશાં કોઇ મરી જતું હોય અને તેથી તેઓને ભારે શોક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેતો હોય. આપણે આવા લોકોના મુખ ઉપર કદિ પણ હાસ્યની છટા જોતા નથી; જ્યારે જ્યારે એને જોઇએ છીએ ત્યારે ત્યારે તેઓનું મોઢું ચઢેલુંજ હોય છે અને આંખો લાલ હોય છે; પરંતુ દુનિયામાં આનાથી પ્રતિકૂળ પ્રકૃતિના મનુષ્યો પણ જોવામાં આવે છે કે જેઓ નિરંતર પ્રસન્નચિત્ત રહે છે અને બીજાઓને પણ પ્રસન્ન બનાવે છે. કોઇ માણસ ગમે તેટલો ઉદાસ હોય તોપણ તે તેને જોઈને પ્રફુલ્લ બને છે.

કેટલાક મનુષ્યો કપટી અને માયાચારી હોય છે, અર્થાત્ તેઓની અંદર કાંઇક હોય છે અને બહાર કાંઇક બતાવે છે. તેઓનાં વચન અને વર્તનમાં એકતા હોતી નથી. આ પ્રકારના લોકોમાં એક મહાન અવગુણ એ હોય છે કે જ્યારે કોઈ કાર્ય માટે તેને તમારી જરૂર હોય છે ત્યારે તમારી સાથે મળી જાય છે અને તમારા તરફ પ્રીતિ અને સહાનુભૂતિ દર્શાવે છે. પોતાના સ્વાર્થ ખાતર તે તમારી સાથે રડવાને અથવા હસવાને તૈયાર બની જાય છે. એની વાણીમાં એટલું બધું માધુર્ય આવી જાય છે કે તમને ઘડીભર એમ જ થાય કે સર્વ વાતો એનાં હૃદયનાં ઉંડાણમાંથી નીકળે છે; પરંતુ આ પ્રકારના વ્યવહારથી હમેશાં કાર્ય ચાલતું નથી. બાહ્ય ઢોંગ લાંબા સમય સુધી નભી શકતો નથી. સમય જતાં આખરે સત્ય પ્રકટ થાય છે જ. કોઇ ભોળા મનુષ્યો એની જાળમાં કદાચ સપડાઇ જાય; પરંતુ સર્વને પોતાની જાળમાં તેઓ ફસાવી શકતા નથી; કેમકે દરેક મનુષ્યમાં એક અંતરંગ ગુપ્ત શક્તિ એવી રહેલી છે કે જે કહી દે છે કે એ મનુષ્ય ધૂર્ત અને માયાચારી છે. પોતાનો સ્વાર્થ સાધવા ખાતર તે સર્વ વાતો મીઠાશથી કરે છે, પરંતુ તેનો સ્વાર્થ સધાઇ રહે છે એટલે પછી તે તમારી સાથે વાત પણ કરતા નથી.

જ્યારે એ વાત નિશ્ચિત છે કે સારો અથવા ખરાબ પ્રભાવ હમેશાં પડયા કરે છે ત્યારે આપણું કર્તવ્ય છે કે આપણે આપણી અંદર એવા ગુણો ઉત્પન્ન કરવા જોઈએ કે જેનાથી જન સમાજનું હિત સાધી શકાય. આપણા ચરિત્રમાં પ્રેમ, શીલ, શાંતિ, દયા, સ્નેહ, સત્ય, ધર્મ, ન્યાય આદિ સદ્ગુણો ઉત્પન્ન થવા જોઇએ; કેમકે આ સદ્ગુણોનો સંસારમાં સારો પ્રભાવ પડે છે અને તેનાથી સમાજનું હિત સાધી શકાય છે.

જે મનુષ્ય ઉત્તમ રીતિથી પોતાનું જીવન વ્યતીત કરતો હોય છે તેને પ્રાયઃ એ વિચાર હતોત્સાહઃકરી મુકે છે કે મ્હારાથી જગતનું કાંઈ પણ ભલું થઇ શકતું નથી; પરંતુ આમ હતોત્સાહ થવું એ ઉચિત નથી. કારણ કે જે રીતિથી તે પોતાનું જીવન વ્યતીત કરે છે તેનાથી પણ જગતને મહાન લાભ થાય છે. તે કોઇ અદ્ભુત અને આશ્ચર્યજનક કાર્ય ભલે ન કરતો હોય, પરંતુ તેના જીવનથી અને તેની સ્થિતિથી સંસારમાં અવ્યક્ત પણે ઘણી ઉંડી અસર થાય છે. કેટલીક વખત ન્હાનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્હાનાં કાર્યોનું પરિણામ ઘણુંજ મોટું આવે છે. જેને આપણે ન્હાની ન્હાની વસ્તુઓ સમજીએ છીએ તે મહાન કાર્યોની કારણભૂત બને છે. ઉદાહરણ તરીકે વિલ્યમ ગૉડવીન નામના માણસે ઈ. ૧૭૯૭ માં કેટલાક નિબંધોનો સંગ્રહ કરી એક પુસ્તક લખ્યું હતું. તે સમયે તે પુસ્તકની કંઈ પણ કદર થઈ ન હતી; પરંતુ તે નિબંધોનો અભ્યાસ કરીને થૉમસ માલ્થસે ઇ. ૧૭૯૮ માં એક નવિન નિબંધ લખ્યો. આ નિબંધનો ચાર્લ્સ ડાર્વિને અભ્યાસ કર્યો અને તેનું ચિત્ત એ વિષય તરફ એટલું બધું આકર્ષાયું કે તેના જીવનનો અધિકાંશ ભાગ એ વિષયના અધ્યયનમાં વ્યતીત થઇ ગયો અને છેવટે ઇ. ૧૮૫૯ માં ' જીવોત્પતિ ' Origin of Species ) નામનું એક નવીન પુસ્તક પ્રકાશિત કર્યું. ઉક્ત પુસ્તકે ઓગણીસમી સદીમાં મહાન પ્રભાવ પાડયો અને વિજ્ઞાનમાં ભારે પરિવર્તન કરી મુકયું. આ ઉપરથી સમજી શકાશે કે માલ્થસના નિબંધો ગૉડવીનના પુસ્તકના પરિણામ રૂપ છે અને ડાર્વિનનું પુસ્તક માલ્થસના નિબંધના પરિણામ રૂપ છે. આ પ્રભાવ પરંપરાથી ચાલ્યો આવે છે. ગૉડવીનનું પુસ્તક પણ કોઇના શબ્દો અથવા વિચારોના પરિણામરૂપ હશે. આ રીતે વિચાર કરતાં માલુમ પડશે કે શરૂઆતમાં એ શબ્દો કોઇ સાધારણ વ્યક્તિના મ્હોંમાંથી નિકળ્યા હશે જેનું પરિણામ એ આવ્યું કે ડાર્વિને એક મહત્વની શોધ કરી. ઉક્ત શબ્દો પ્રથમ બોલનારને સ્વપ્ને પણ નહિ ખ્યાલ હોય કે પોતાના શબ્દોનું આવું મોટું પરિણામ આવશે. તે તો એમજ ધારતો હશે કે હું જગતને વાસ્તે કંઈ પણ કરી શકયો નથી.

સંસારમાં આપણે માટે અનેક કાર્યો નિયત થયા હોય છે. અન્ય મનુષ્યો પ્રતિ તેમજ આપણા પોતાના પ્રતિ અનેક કર્ત્તવ્યોનું યથાસ્થિત પાલન કરવું એ અત્યંત જરૂરનું છે. સહુથી પ્રથમ કર્તવ્ય એ છે કે જે સ્થાનમાં આપણે ઉત્તમ રીતિથી જીવન વહન ન કરી શકીએ અને જ્યાં શાંતિથી રહેવામાં અનેક વિઘ્નો તથા બાધાઓ નડે એમ હોય ત્યાં આપણે કદાપિ રહેવું જોઇએ નહિ. એમાં જો આપણો પોતાનો દોષ હોય તો તેનો શિઘ્ર ઉપાય કરવો જોઈએ. જો બીજાના પ્રભાવનો દોષ હોય અને એ પ્રભાવ વિષમય વાતાવરણની માફક આપણા ઉત્તમ વિચારો તથા ઉત્સાહને છિન્નભિન્ન કરી મુકે એમ હોય તો આપણે આપણી જાતને તેમાંથી બચાવવા પ્રયત્નશીલ બનવું જોઇએ, પરંતુ તેમ કરવામાં આપણે આપણા કર્ત્તવ્યમાર્ગથી ચલિત થતા નથી તે ખાસ લક્ષમાં રાખવું જોઇએ. એ પ્રભાવથી પોતાની જાતને બચાવવા જતાં કર્ત્તવ્યપાલનમાં બાધા આવે એમ હોય તો એવી દશામાં આપણે એ પ્રભાવનો ઉચ્છેદ કરવાનો પણ પ્રયત્ન કરવો જોઇએ; અર્થાત્ બીજા શબ્દોમાં કહીએ તો એ પ્રભાવરૂપી જ્વરનો નાશ કરવા માટે સચ્ચરિત્ર અને સદાચાર રૂપી ઔષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધિનું નિરંતર સેવન કરવું જોઇએ. આપણે જે લોકોની વચમાં રહીને જીવન ગાળવાનું હોય છે તેઓના ગુણોની જેટલી અસર થાય છે તેટલી તેઓનાં કાર્યોની થતી નથી. તેથી એ આવશ્યક છે.કે આપણે આપણી જાતને સારા પ્રભાવમાં રાખવી જોઇએ અને ખરાબ પ્રભાવથી બચાવવી જોઇએ.

આપણો પ્રભાવ બીજા ઉપર પાડવા માટે પ્રથમ તો એ જરૂરનું છે કે આપણને આપણી પોતાની વાતોમાં શ્રદ્ધા હોવી જોઇએ અને જે વાતોમાં શ્રદ્ધા હોય છે તેને વ્યવહારમાં મુકવી જોઇએ, અર્થાત્ જેવી વાણી તેવું વર્તન હોવું જોઇએ. જ્યાંસુધી આ પ્રમાણે નહિ બને ત્યાંસુધી બીજા લોકો ઉપર આપણો પ્રભાવ પડી શકશે નહિ. આપણે ગમે તેટલું કહેશું તોપણ તેઓ આપણી વાત કદિ પણ માનશે નહિ, અને આપણી વાતમાં તેઓને વિશ્વાસ પણ બેસશે નહિ. જે પ્રમાણે કરવાનું આપણે બીજાને કહીએ છીએ તે પ્રમાણે જો આપણે પોતે કરીએ છીએ તો આપણા કહ્યાવગર લોકો આપણું અનુકરણ કરવા લાગે છે. અંગ્રેજીમાં કહેવત છે કે 'Example is better than precept' એટલે કે કહેવા કરતાં કરી બતાવવું વધારે સારૂં છે. લોહચુમ્બક લોહને પોતાના તરફ ખેંચી લે છે તેનું રહસ્ય એ છે કે તે લોહના કટકાને ચુંબક બનાવે છે અને પછી જ ખેંચી શકે છે. લોહમાં લોહત્વનો જ ગુણ રહ્યો હોય તો તે કદાપિ ખેંચી શકતું નથી. આ વાત આપણી બાબતમાં પણ ઘટાવી શકાય છે. જે માબાપો પોતે સુશીલ નથી હોતા તેઓ પોતાનાં બાળકોને કદાપિ સુશીલ બનાવી શકતા નથી. મદિરા પીનાર માણસ કોઇ દિવસ પણ બીજાને મદિરા પીવાની ટેવથી મુક્ત કરી શકતો નથી. જે માતા પોતે અસત્યવાદી હોય છે તે પોતાના પુત્રને સત્યવાદી થવાનો ગમે તેટલો ઉપદેશ આપ્યા કરે, તોપણ પુત્ર અસત્ય બોલવાનું છોડી શકતો નથી. માતા વાણીદ્વારા કહે છે કે અસત્ય ન બોલો; પરંતુ તેનો પ્રભાવ કહેતો હોય છે કે અસત્ય બોલો. તેથી જ જે માતા પિતા ઇચ્છતા હોય છે કે પોતાનાં બાળકો અસત્ય બોલતાં અથવા બીજા કોઇ અવગુણો ન શીખે અને ઉત્તમ ગુણો જ ગ્રહણ કરે તેઓએ પોતે ઉક્ત સદ્ગુણો પોતામાં ઉત્પન્ન કરવા જોઇએ અને તેને અનુરૂપ પ્રવૃત્તિ કરવી જોઇએ. આમ થશે તો પછી બાળકોને કહેવાની પણ જરૂર નહિ પડે. તેઓ સ્વયં સદ્ગુણી બની જશે. બાળકો આપણી માનસિક, વાચિક અને કાયિક સર્વ પ્રવૃત્તિઓને સ્વભાવત: અવલોકયા કરે છે અને તદનુસાર તેઓનું જીવન ઘડાય છે. આમ હોવાથી આપણે આપણાં બાળકોને જેવા બનાવવા ઇચ્છતા હોઇએ તેવા આપણે પોતે બનવું જોઇએ.

પ્રભાવની શક્તિ અદ્‌ભુત છે. કોઇ પણ એનાથી બચી શકતું નથી. આ સંસારમાં એવો કોઇ પણ મનુષ્ય નથી કે જેનો પ્રભાવ બીજા મનુષ્યો ઉપર ન પડતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, અને બીજાનો પ્રભાવ તેના ઉપર ન પડતો હોય. આવો કોઇ હોય તો તે મનુષ્યત્વને લાયક નથી. આપણા પ્રત્યેક ભાવ, વિચાર, શબ્દ અને કાર્યથી અન્ય મનુષ્યોના જીવનમાં કંઇને કંઇ પ્રકારનું પરિવર્તન થાય છે, અને તેથી જ આપણે આપણાં જીવનને આદર્શજીવન બનાવવા સતત યત્નશીલ રહેવું જોઇએ, અને લક્ષમાં રાખવું જોઇએ કે આપણો પ્રભાવ એ કેવળ પ્રભાવ જ નહિ, પરંતુ સર્વોત્તમ પ્રભાવ બનવો જોઇએ. આપણે એવા ગુણોથી સમન્વિત થવું જોઇએ કે જેથી આપણા સંસર્ગથી બીજા લોકો ગુણવાન બને. આપણા વિચારો ઉદાર હોવા જોઇએ, આપણી વાણીમાં માધુર્ય હોવું જોઇએ, અને આપણાં કાર્યો જનસમૂહને હિતકારક નીવડે એવાં હોવા જોઇએ. આપણામાં એવી પ્રભાવશીલતા હોવી જોઇએ કે આપણી ઉપસ્થિતિથી લોકોની પીડાઓ અને મુશ્કેલીઓ દૂર થઇ જાય અને આપણા સ્મરણ માત્રથી લોકોને સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય. આ પ્રકારની પ્રભાવશીલતા પરમાત્મા સર્વમાં પ્રેરે એજ શુભેચ્છા !

---

# सत्शास्त्रनुं अन्तरात्माप्रति प्रोत्साहन.

## હરિગીત.

નિ:સ્તબ્ધ[1] યામિની[2] વિષે બંસી[3] મધુર જેમ લાગતી,
મોહન[4] સ્વરે સત્શાસ્ત્રવાણી આત્મ અંતર વાગતી;
હે વ્યક્તિ માનવ ! કોણ તું ? તે તો તપાસી લે જરી,
ના દેહ ! ના તું અવયવી ! ચૈતન્ય મૂર્તિ છે ખરી.

૨

ભીરૂ કાયર ના બને તું ના નિરાશી થા હવે,
શ્રદ્ધા કરી પરમાત્મવચને સબળ બનજે આ ભવે;
પુરૂષાર્થથી મહાવીર જિનવર વંદનીય ત્રિભુવને,
પુરૂષાર્થહીન તું આ રહ્યો જો તુચ્છ ભાવે ભવવને.

૩

'કાલે કરીશું' વૃત્તિ એવી જીવને રખડાવતી,
ત્યાગી પ્રમાદ પ્રયત્નથી સત્સંગ સાધન લાવતી;
સંસારના કુરૂક્ષેત્રમાં[5] સમભાવ વૃત્તિ સંગ્રહી,

---

૧ શાંત, ૨ રાત્રી, ૩ વાંસળી, ૪ સુંદર સ્વરથી, ૫ જીવન કલહમાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનતણી સુંદર ક્ષણો આનંદમાં જાઓ વહી.

૪

પ્રિયતમ ! સદા તું જાણજે છે કિરીટરૂપજ[૬] સૃષ્ટિનું,
માનુષ્ય જીવન જ્યાં રહેલું ભાવિ[૭] ઉજ્જવળ દૃષ્ટિનું;
ક્રમશઃ વટાવ્યાં સમરાજો[૮] અર્ધવાટ રહી હવે,
જો ! જો ! ઊંચું આગળ નિહાળી મુક્ત બનવા પરભવે.

૫

છે સાધનો સમજણ વળી સદસદ્વિવેક વિષે રહી,
તત્ત્વોતણી છે સુલભતા આ જૈન સૃષ્ટિમાં લહી;
છે શાંતિનાં આ ધર્મચક્રો[૯] આપણું રક્ષણ કરે,
જ્ઞાતવ્ય ને કર્તવ્ય ને પ્રાપ્તવ્યથી શુભ સંચરે.

૬

કાળે[૧૦] હતી તારા વિષે એ ચેતના જો કર્મની,
વળી કર્મફળની ચેતના ભોગો વિષે ના ધર્મની;
પણ હા ! હવે એ ચેતના સુવિશુદ્ધ જ્ઞાનતણી[૧૧] થઇ,
સંસ્કારથી સમૃદ્ધ બનતાં—શક્તિ અલ્પ હવે ગઇ.

૭

વાયુ ઝપાટે જેમ તરણાં ચક્રવત્ ભમતાં રહે,
તું તેમ આશા વાસનાથી દીનતાને સંગ્રહે;
નિર્વાત સ્થળ[૧૨] સ્થિત દીપ પેઠે હૃદય ચંચળતા તજી,
સામર્થ્ય અદ્ભુત પ્રેરજે તું મુક્તિ વધૂ માટે સજી.

૮

સાચી કુંચી સામ્રાજ્યની તારી કને જો આ રહી,
ઉપયોગ કરતાં શીખવું એ ભુલ ના જાઓ વહી;
આત્મિક સ્વભાવ-વિભાવપરિણતિ બે તણીજ પસંદગી,
કર યત્નથી જલ્દી હવે અવશેષ છે આ જીંદગી.

ફતેહચંદ ઝવેરભાઇ.

૬ મુકુટરૂપ ૭ ઉચ્ચતર ગુણસ્થાનકની ભવિષ્યમાં પ્રાપ્તિ, ૮ સાત રાજલોક ૯ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ, ૧૦ એક વખતે, ૧૧ વિશુદ્ધ જ્ઞાન ચેતના, ૧૨ પવન વગરના સ્થળમાં રહેલા દીવાની પેઠે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંત–સાધુ જનોની સેવાથી લાભ શી રીતે લઈ શકાય?

( ૧ )

લેખક—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

જેમ મિષ્ટ અને નિર્મળ જળનું સેવન કરવાથી દાહની શાન્તિ, તૃષાનો ઉચ્છેદ અને મળની શુદ્ધિ થાય છે તેમ જગમાં તીર્થરૂપ સંત–સાધુનું સેવન કરવાથી કષાય દાહ ઉપશાન્ત થાય છે–ક્રોધાદિક કષાયતાપ ટળે છે, વિષયાદિક તૃષ્ણા શાંત થાય છે–સંતોષ વળે છે તથા રાગ, દ્વેષ અને મોહાદિક મહાદોષ–મેલ દૂર થાય છે. સંતસેવા કલ્પવૃક્ષની જેવી સુખદાયી છે, શુદ્ધ નિષ્ઠાથી સંત–સુરપાદપની સેવા કરનારને અમૃત ફળની પ્રાપ્તિ થાય છે. તેમની છાયા પણ શીતળતા ઉપજાવનારી અને પાપ–તાપને નિવારનારી હોય છે. એવા ઉત્તમ વિરલ સંત મહાત્માઓની સેવા કોઈ વિરલ ભાગ્યશાળી જનો પામી શકે છે.

એવા ઉત્તમ સંત–સાધુ–મહાત્માની સેવા પામીને જો તેમનામાં પ્રગટેલા ઉત્તમ ગુણો ક્ષમા, મૃદુતા, સરલતા, સંતોષાદિક આપણે આદરીએ અને ક્રોધાદિક દોષો નિવારીએ તોજ તેમની પવિત્ર સેવાની સાર્થકતા. તેમ ન થાય અને આપણે જેવા ને તેવા દોષિત જ રહીએ છીએ તો તેમનામાં સંતપણાની ખામી હોય કે આપણામાં તેવી યોગ્યતાની જ ખામી હોય. પ્રથમ પક્ષ કરતાં એટલે સંતની ખામી લેખવા કરતાં આપણી જ ખામી શોધી લેવી વધારે સારી છે. જો આપણે ક્ષુદ્રતાદિક દોષ-દૃષ્ટિ તજી હંસની જેવી ઉમદા ગુણદૃષ્ટિને જ આદરીએ તો જ આપણી ઉન્નતિ થતાં થોડી વાર લાગે. પણ દુર્ભાગ્યે આપણે જ્યાં ત્યાં દોષજ જોવા વધારે ટેવાયલા હોવાથી જ્યાંથી અનેક ગુણ મળવાનો સંભવ હોય ત્યાંથી પણ આપણે દોષને જ લઈએ અને દૂધમાં પણ પોરા જોવા જેવું કરીએ એ બહુ શરમાવા જેવી નાદાની ભરેલી વાત લેખી શકાય. જોકે ઉત્તમ જાતિકુલાદિક સામગ્રી આપણે મોટાં પુન્યે પામ્યા છીએ, પરંતુ જો તેનો તેવો જ સદુપયોગ કરી લેવાય તો જ તેની સાર્થકતા છે. બીજાનાં નિંદ્ય કામ જોઇ જેમ આપણે એમનાં એવાં નિંદ્ય કામ તરફ અભાવો–તિરસ્કાર જણાવીએ છીએ તેમ આપણો તેવાજ કામ ભણી અભાવો કે તિરસ્કાર શા માટે ન થવો જોઇએ ? અવશ્ય થવોજ જોઇએ. તેમ છતાં તે થતો ન હોય તો તે આપણા હૃદયની શૂન્યતા કે કઠોરતા કહેવાય. આપણી આટલી બધી અયોગ્યતા જાણી જ્ઞાની ગુરૂ કેવળ અનુકંપા બુદ્ધિથી આપણો ઉપયોગ જગાડવા અને કોમળતા, નમ્રતા, સરલતા અને સંતોષાદિક ગુણ આદરી અનાદિ ક્રોધ, માન, માયા અને લોભાદિક દુર્ગુણ નિવારવા અમૃત જેવાં હિત વચન કહેતા રહે છે. જેનું ભલું થવાનું હોય, જેનો ઉદય જાગવાનો હોય, જેનું ભવિષ્ય સુધરવાનું હોય એવા ભવ્ય જનોજ નિઃસ્વાર્થી ગુરૂનાં હિત વચન સાંભળી હૈયે ધરે છે. ગુરૂ મહારાજનાં અમૃત જેવાં શીતળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચનથી તેમના સઘળાં પાપ-તાપ દૂર થવા પામે છે. પૂર્વકૃત કર્મ અનુસારે પ્રાપ્તમાં સંતોષ રાખી પોતાનું ભવિષ્ય સુધારવા, સ્વકલ્યાણ સાધવા તે સાવધાનપણે પ્રયત્ન કરેછે. ઉત્તમ પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરવા મન વચન કાયા સંબંધી દોષોનું નિવારણ કરી, ન્યાય નીતિનો પાયો મજબુત કરી, શ્રેષ્ઠ દેવ ગુરૂ ધર્મમાં અનન્ય શ્રદ્ધા રાખી પવિત્ર વિચાર, વાણી અને આચારનું પાલન કરનાર અંતે અવશ્ય આત્મહિત કરી શકે છે.

# સ્વકર્તવ્ય પ્રેરક સૂક્ત વચન

## ( ૨ )

૧ પ્રથમ વયમાં ( બાળપણમાં ) જેણે વિદ્યા મેળવી નહિ, બીજી વયમાં ( જુવાનીમાં ) જેણે ધન પેદા કર્યું નહિ અને ત્રીજી વયમાં જેણે ધર્મનું સેવન-આરાધન કર્યું નહિ તે ચોથી વૃદ્ધ વયમાં શું કરી શકવાનો ? તેની જીંદગી વૃથા-નકામી જવાની.

૨ અનુદ્યમી, આળસુ, નશીબ ઉપર જ આધાર રાખી રહેનાર અને પુરૂષાર્થ હીનને લક્ષ્મી વરતી નથી. જેમ વૃદ્ધ પતિને સેવવા પ્રમદા-જુવાન સ્ત્રી ચાહતી નથી તેમ યોગ્યતા વગરના-નાલાયક નરને લક્ષ્મી પ્રાપ્ત થતી નથી. ઉદ્યમી, ચંચળ-કાર્યદક્ષ, ઉત્સાહી અને ખંતીલા વિરલ નરોને જ તે વરે છે.

૩ કેસરી સિંહ જેવો પરાક્રમી પુરૂષ કદાચ દૈવયોગે કંઈક સ્ખલના પામ્યો હોય તો તેથી તે નિરાશ બની જતો નથી તેમજ પુરૂષાર્થ હારી જતો નથી; પરંતુ ધૈર્ય અને હિંમત રાખી ખંતથી યોગ્ય પુરૂષાર્થ સેવી સાવધાનપણે ઇચ્છિત કાર્ય સાધી લે છે. નાહિંમત થઇ પાછી પાની કરતો નથી.

૪ તથા પ્રકારની સામગ્રી વિદ્યમાન નહિ છતાં, સુખમાં કે દુઃખમાં અને હીણી સોબતમાં પણ જે સત્ય ધર્મનો અનાદર કરતો નથી-તેનું યથાર્થ પાલન કરે છે તેનેજ ખરેખર દ્રઢધર્મી અને પ્રિયધર્મી સમજવો જોઇએ.

૫ વખતની કિંમત જે બરાબર સમજી શકે છે તે પોતાનો અમૂલ્ય સમય અલેખે કેમ જવા દેશે ?

૬ પ્રમાદ સમાન કોઇ દુશ્મન નથી અને સદુદ્યમ સમાન કોઇ હિત મિત્ર નથી. પ્રમાદ પણ ઘણા પ્રકારનો છે.

મદ—માદક પદાર્થનું સેવન કરવું, વિષય સુખમાં આસક્ત બની રહેવું, ક્રોધાધિક કષાયને વશ થવું, નિદ્રા-આળસ વધારવા, નકામી કુથલીઓ કરવી, મોહ મિથ્યાત્વ અને અજ્ઞાન વશ થઇ રહેવું. ટુંકાણમાં પરમ કરૂણાળુ સર્વજ્ઞ પ્રભુનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતવચનને અવગણી સ્વચ્છંદ વર્તન કરવું તેનું નામ પ્રમાદ. એજ જીવનો પરમ અહિત-શત્રુ છે.

૭ પ્રબળ પુરૂષાર્થ વગર પ્રમાદશત્રુનો પરાભવ થઇ શકે નહિ. પ્રમાદનો પરાજય કરવા ઈચ્છનારે તેવા નિઃસ્વાર્થી જ્ઞાની ગુરૂનું શરણ લઈ, અનન્ય શ્રદ્ધા, -વિશ્વાસ રાખી વિનય બહુમાન પૂર્વક તેમની સેવા ભક્તિ કરી સ્વહિતાહિત સારી રીતે સમજી લેવાં. પછી અહિતને તજી કાળજીથી હિતાચરણ સેવવું.

૮ ગૃહસ્થ શ્રાવકોએ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને પૂર્વાપર વિરોધ રહિત સેવવા જોઇએ. એટલે કે ધર્મનું રક્ષણ થાય તેમ અર્થ અને કામનું સેવન કરવું. પણ ધર્મની ઉપેક્ષા કરીને અર્થ કામની સેવના કરવી નહિ. તેમજ અર્થને હાનિ ન પહોંચે, તેની રક્ષા થાય તેવી રીતે જ વિવેકથી કામનું સેવન કરવું; પણ અર્થની ઉપેક્ષા કરીને કે તેને હાનિ પહોંચે તેમ અવિચારીપણે વિવેક રહિત વિષયાંધ બનવું નહિ.

૯ મુનિ જનો તો મોક્ષનું જ નિશાન રાખી સકળ સંયમ કરણી કરે. સર્વ જીવને નિજ આત્મ સમાન સમજી તન મન વચનથી તેમની રક્ષા કરે, તેમને યથા-યોગ્ય હિતમાર્ગ બતાવી તેમને હિતમાર્ગમાં જોડે-સ્થાપે, તેમજ સદાકાળ તપ સંયમમાં સાવધાનપણે રહે. ગૃહસ્થ તેવી રૂડી ભાવના રાખે. ઇતિશમ્.

લેખક—મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# કામદેવ ( Cupid )—વિષય વાસનાનુ જોર.

( ૩ )

કામદેવ કળાકુશળ-કળાબાજને પણ વિકળ-વિહ્વળ કરી દે છે. શૌચ-ચોખ્ખાઇ રાખનારની પણ હાંસી-મશ્કરી કરે છે. વિદ્વાન-પંડિતને પણ વિટંબના કરે છે અને ધીર ( બુદ્ધિશાળી અથવા શૂરવીર બળવાન્ ) પુરૂષને પણ એક ક્ષણવારમાં હેઠો પાડે છે-તેનો પરાભવ કરે છે. પોતે અનંગ ( અંગ રહિત ) છતાં અંગી-સંસારી પ્રાણીઓનું સત્ત્વ ચૂસી જાય છે અને તેમને નિઃસત્ત્વ બનાવી દે છે, એનાથી ભાગ્યેજ કોઇ બચવા પામે છે, કામને વશ થયેલા પ્રાણીઓ છતી આંખે અંધ બને છે, પછી તે કૃત્યાકૃત્ય, હિતાહિત, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય કે ગમ્યાગમ્યનો કશો વિચાર કરી શકતા નથી.

કામાન્ધ જીવની અનુક્રમે દશ દશા નીચેમુજબ કહી છે.

ચિન્તાથી જીવ બળે છે. સંગમેચ્છા ( ભોગ-વિલાસની અભિલાષા ) થયા કરે છે. નિઃશ્વાસ ( ઇચ્છા પૂર્તિ કે ધારેલી આશા ફલીભૂત નહિ થવાથી ) નીસાસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકે છે. કામાગ્નિથી જવર–તાવ આવે છે. શરીરમાં દાહ થાય છે. અન્ન–જળ ( ખાન-પાન ) ઉપર અરૂચિ થાય છે, મૂર્છિત–બેભાન થઇ જાય છે. ઉન્માદ–ગાંડપણુ–ઘેલછા થાય છે ( ડગળી ખસી જાય છે ). મૃતપ્રાય–નિ:સત્ત્વ–શક્તિહીન થઇ જાય છે–ક્ષય રોગાદિક ભયંકર વ્યાધિને ભોગ થઇ પડવાથી બધું શરીર નંખાઇ જાય છે, નિચોવાઇ જાય છે અને ક્ષીણુ થઇ જાય છે. છેવટે ( આવી આપી દુર્દશા ભોગવી ) મરણુને શરણુ થાય છે. ખરેખર, એક કુતરીને અનુસરનાર કામાન્ધ કુતરા જેવી તે બાપડાની દુર્દશા થવા પામે છે. ગમે તેટલું અપમાન પામતા છતાં કામી કુતરાની જેમ તે મૂઢાત્મા મધલાળ મૂકતો નથી. આશામાં ને આશામાં વખત ગુમાવે છે. ચોરની જેમ શંકાતો ફરે છે. દિશા શૂન્યની જેમ તે રખડતો રહે છે. પોતાની કુચેષ્ટા ( વિપરીત ચાલ–વર્તન ) થી તે અનેકની આંખે ચઢે છે. તેની ચોતરફ ભય વ્યાપી રહે છે, અને પોતે મરણીયો થઇ કુકૃત્ય કરવા જતાં કોઇ વખત તે કામાન્ધ પોતાનું જ માથું કપાવી બેસે છે–કમોતે મરે છે, દુનીયામાં ધીટકાર પામે છે. તેમજ મહા માઠી લેશ્યા–અધ્યવસાયથી મરી નરકાદિક નીચી અધમ ગતિમાં જાય છે. ત્યાં તેને અનેક પ્રકારનાં અતિઆકરાં દુ:ખ પરાધીનપણે સહન કરવાં પડે છે. નરકમાં પરમાધામીઓ તેને બહુ બહુ પ્રકારે વિટંબના કરે છે, ધગધગતી લાલચોળ લોઢાની પુતળી સાથે તે કામાન્ધ જીવને પરાણે આલિંગન કરાવે છે અને વ્યભિ-ચારિણી કુલટા સ્રીના જીવને તેવાજ ધગધગતા લોહ પુરૂષ સંગાતે આલિંગન કરાવે છે, એટલુંજ નહિ પણ 'ક્ષત ઉપર ક્ષાર'–દાઝયા ઉપર લુણ છાંટવાની જેમ તેમનાં પૂર્વલાં ઉન્મત્તતાવાળાં કુકૃત્યોને યાદ કરી આપી સાંભળતાં પણ કંપારી છૂટે એવી કઇ પ્રકારની યાતના–પીડાઓ નિર્દયપણે ઉપજાવે છે. આ બધું અસહ્ય દુ:ખ તે બિચારા અનિચ્છાએ સહન કરેછે. ત્યાં તેમને કોઇ ત્રાણુ શરણુ કે આધારરૂપ થઇ શકતું નથી. જીવડો પ્રથમ માતેલા સાંઢની પેઠે સ્વેચ્છાચાર ચલાવે છે–મોજ માણે છે, કામાંધ બની નિર્લજ્જપણે ન કરવાનાં કામ કરે છે. તેનાં કડવાં ફળ નરકા-દિક નીચી ગતિમાં જઇ લાંબો વખત પોતાને જ ભોગવવાં પડે છે એમ જાણી ચેતીને પ્રથમથી જ વિવેક વાપરવો. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આચાર્યાદિક ઉત્તમ પદ્વી પાત્રમાંજ શોભે છે.

**ઉપદેશમાળાદિક** પ્રમાણિક ગ્રંથોમાં પ્રતિરૂપાદિક ચોદ ગુણથી અલંકૃત હોય તેમજ પ્રસિદ્ધ એવા ૩૬-૩૬=૧૨૯૬ ગુણથી વિભૂષિત હોય એટલે સામાન્ય સાધુ-નિગ્રંથ-અણગાર કરતાં ઘણાં ઘણાં ઉંચા ગુણો વડે સુશોભિત હોય તેજ જૈન શાસનમાં સૂરિ યા આચાર્ય પદ્વીને યોગ્ય કહ્યા છે. તથા પ્રકારના ગુણ વગર યોગ્યતા-પાત્રતા રહિતમાં ઉત્તમ આચાર્યાદિક પદ્વી આરોપવી એ **કાગડાની કોટમાં રત્નની માળા આરોપવા જેવું** થાય છે. તેથી લાભને બદલે નુકશાન વધારે થાય છે, અને એવી ઉત્તમ પદ્વીને જનસમાજમાં ઉતારી પાડવા જેવું અથવા તેની હાંસી-મશ્કરી કરાવવા જેવું થાય છે. તેથીજ એવી ઉત્તમ પદ્વી લેનાર અને દેનારની જવાબદારી જૈન શાસનમાં જેવી તેવી નહિ પણ ઘણીજ મોટી જણાવવામાં આવી છે. પાત્રતા-લાયકાત મેળવ્યા વગર આવી ઉત્તમ પદ્વી ધારણ કરી ધર્મ-શાસનની લઘુતા કરનાર તો નીચી ગતિનો અધિકારી થાય છેજ; પરંતુ તેવી પદ્વી પરીક્ષા કર્યા વગર જેવા તેવાને સ્વેચ્છાએ આપનાર પણ અધોગતિના ભાગી થાય છે. આચાર્યાદિક સંપદાને પામેલા યોગ્યતાવંત તો આંબા જેવા ઉત્તમ વૃક્ષની પેઠે નમ્રતા ધારણ કરીને અનેક જીવોને ઉપકારી થઇ પવિત્ર શાસનને શોભાકારી થાય છેજ. જ્યારે અંગાર મર્દકાદિક જેવા યોગ્યતા વગરના ઉલટા શાસનને વગોવનારા નીવડે છે. મર્કટે મદિરા પીધી હોય અને વળી તેને વીંછી કરડ્યો હોય તે વખતની તેની મસ્તીનો જેમ પાર રહેતો નથી તેમ એક તો ઓછું પાત્ર ને અધિકું ભણ્યો તે સાથે આચાર્યાદિક પદ્વીનો યોગ થયો પછી જોઇ લેવી તેની ખુમારી. ગૌતમસ્વામી જેવા સુયોગ્ય સમર્થ પુરૂષોએ ઉત્તમ ગુણ યોગે ધારણ કરેલી પદ્વી તથા પ્રકારની લાયકાત વગર જેવા તેવા જીરવી શકે શું ? કાચો પારો ખાવાથી ખાનારને જેમ નુકશાન કરેછે તેમ પાત્રતાહીનને પદ્વી લાભને બદલે નુકશાનકારી જ થાય છે. આગલા વખતમાં સુયોગ્ય જીવનેજ અનુક્રમે આચાર્યાદિક પદ્વી આપવાની સંભાળ સારીરીતે રાખવામાં આવતી હતી, તેથી તે સ્વપરને લાભકારી જ થતી હતી; પરંતુ અત્યારે આચાર્યાદિક પદ્વી પ્રદાનતથા પ્રકારની યોગ્યતા કે અનુક્રમ વગર ગમે ત્યારે સ્વેચ્છાપૂર્વક કરવામાં આવે છે તે બહુ વિચારણીય છે. ઇતિશમ્.

મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

# જૈન સમાજની આધુનિક સ્થિતિ

( ગતાંક પૃષ્ઠ ૪૬ થી શરૂ. )

લેખક—રા. માવજી દામજી શાહ.

**સાધુ અને સાધ્વી મહારાજનું કાર્ય ક્ષેત્ર અને ઉપસ્થિત થતી તેમની ફરજનો**

આપણી સાથે શો સંબંધ છે એમ અહિં કોઈ પ્રશ્ન કરે એ સ્વાભાવિક છે. પરંતુ વિચારી જોતાં એમ જણાય છે કે સમાજ સાથે એમનો સંબંધ કંઇ નાનો સૂનો નથી, પરંતુ વિસ્તીર્ણ છે. એ તો નિશ્ચિત છે કે આપણાથી તેઓ, અને તેઓથી આપણે એમ પરસ્પર કેટલેક અંશે સંબંધ છે. આપણી અધોગતિમાં તેઓ જવાબદાર છે. આમ સંબંધ હોવાથી એકમેકના તરફથી ફરજ ઉપસ્થિત થાય છે. આ ફરજ પવિત્ર છે. સ્વાર્થ વગરની છે. કિંચિંદશે પણ સ્વાર્થ હોય તો તે ધર્મમય છે

હાલમાં કેટલાંક કાર્યો જે વિચારરહિતપણે કરવામાં આવે છે. તેનું પરિણામ ભવિષ્યની દૃષ્ટિએ ઘણું વિષમ આવવા સંભવ છે. આ વિષમતાનો ખ્યાલ જરા ઉંડા ઉતરતાં તેઓ જેમ કરી શકે તેમ આપણે પણ કરી શકીએ તેમાં શક જેવું નથી. દેશ, કાળ, ભાવ અને ક્ષેત્રની પરિસ્થિતિમાં ફેરફાર થતાં અગમચેતીનો ઉપયોગ કરી સમાજમાં પ્રવર્તતી કેટલીક ધાર્મિક ક્રિયામાં શાસ્ત્રદૃષ્ટિએ પરિવર્તન કરવું જોઇએ. સમાજનો દ્રવ્ય વ્યય જો નકામો થતો હોય કે યોગ્ય સ્થળે થતો ન જણાય તો તુરત જાગૃત થઈ, જાગૃત કરી સાવધાન થઇ તેનો સદુપયોગ કરાવવા સમાજને સન્માર્ગ દર્શાવવો–સલાહ આપવી અને લાભાલાભ સમજાવવા, આ પ્રકારની ફરજ સાધુ વર્ગને બજાવવાની હોય છે. પૂજ્ય મુનિવરોનાં કાર્યક્ષેત્રમાં ઉતરતાં તેમણે આમ કરવું જોઇએ અને તેમ કરવું જોઈએ, ઇત્યાદિ પ્રકારનાં વચનો ઉચ્ચારવા એ યદ્યપિ ઠીક લાગતું નથી. પરંતુ જયારે ઐતિહાસિક દૃષ્ટિએ “ જૈન ધર્મ અને તેનું ભવિષ્ય ” એ વિષયમાં ઉંડા ઉતરતાં ધર્મના સ્તંભીભૂત ગણાતા એ પૂજ્યજનોના વિષયમાં અનિચ્છાએ પણ કંઇક કહેવા હૃદય તલ્પે છે. દાખલા તરીકે—આર્ય સમાજ નામક સંસ્થાએ જન્મ લીધો ન હોત તો આજના પાશ્ચાત્ય કેળવણી લેનારા હિંદુ યુવકો અવશ્ય પોતાનો ધર્મ ત્યજી દેત એમાં લગાર પણ શક નથી. પરંતુ આર્યસમાજ ઉત્પન્ન થતાં તે ભય કંઇક અંશે દુર થયો ગણાય છે. આમ છતાં શોકની વાત છે કે પ્રતિ દિન ખ્રીસ્તી ધર્મમાં ભળનારા ભારતીય હિંદુ યુવકોની સંખ્યા કંઈ નાની સુની નથી, કિંતુ દરરોજ સરાસરી ૩૦૦ ની થવા જાય છે. અને સંપૂર્ણ ભય રહે છે કે હજુ જો હિંદુ સંત પુરૂષો હિંદુ ધર્મનું તત્ત્વ વિશાળ દૃષ્ટિથી યુવકો સમક્ષ નવીન પદ્ધતિપૂર્વક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રજુ કરવામાં જેટલો વિલંબ કરશે તેટલો ગેરલાભ તે તે સમાજને જ સહન કરવો પડશે. આ સ્થિતિ જ જૈનધર્મની સમજી લેશો. કારણ કે આજે દેશ, કાળ ભાવ અને પરિસ્થિતિમાં ફેરફાર થયેલો જોવામાં આવતાં છતાં સમયાનુસાર દ્રવ્ય, ક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે ફેરફાર કરવાનું સામર્થ્ય :જૈનાચાર્યો અગર જૈન વિદ્વાન્ ગૃહસ્થવર્ગ પણ બતાવવા શક્તિમાન્ થવું જોઇએ, પરિણામ એ આવવા સંભવ છે કે કૉલેજોમાં અભ્યાસ કરતા પાશ્ચાત્ય સંસ્કારોથી મગજ ભરતા આજના જૈન યુવકો આવતી કાલે ધર્મના સિદ્ધાંતોનું નામ સુદ્ધાં વિસરી જશે. જ્યારે આવી પતિત દશાનો ચિતાર વિચાર સૃષ્ટિમાં રજુ થાય છે, ત્યારે કોઇ પણ લાગણીવાળા જૈનનું અંતઃકરણ ખિન્ન થયા વગર રહેશે નહિ એ નિઃસંશય છે. આથી હજુએ "**અહંતા, મમતા, નાનામોટાપણું**, વિવાદ અને **મારાતારા**" ઇત્યદિ ગચ્છના ભેદો થોડા સમય માટે દરેક ગચ્છના પૂજ્ય મુનિવરોએ પણ દૂર કરી ઉન્નતિનો વિચાર કરવા તત્પર થશે તો અવશ્ય માર્ગ મળશે.

**દેશકાળ ફર્યા છતાં દ્રવ્ય વ્યયનાં પકડી રાખેલાં માર્ગો.**

વિષયમાં વિચારી જોતાં જણાય છે કે આપણી અધોગતિનું કારણ કેટલેક અંશે આ માર્ગ છે, એકાએક જ્યારે આમ બોલવામાં આવે છે ત્યારે કેટલાએક તુરત એમ પૂછવા તત્પરતા બતાવશે કે, ભાઇ! આવો અનુચિત માર્ગ તે વળી કયો પકડી રાખેલો છે કે જેનાથી અધોગતિ થવાનો સંભવ રહે છે ? ઉત્તરમાં સ્પષ્ટપણે કહેવુંજ પડશે કે જૈન વર્ગ માટે ભાગે વ્યાપાર પરાયણ હતો, છે, અને પ્રાયઃ રહેશે. આજે આમ હોવાથી તેની આર્થિક સ્થિતિ-દ્રવ્યબળ એટલું તો સંગીન પ્રકારે રહેવું જોઇએ કે જેની સહાયતાથી જૈનકોમ ઉન્નતિની ટોચપર પહોંચવા શક્તિમાન્ થયેલી હોવી જોઇએ. પરંતુ સખેદ જણાવવું જોઇએ કે, "તેવું કશુંએ નથી. દૃષ્ટાંત તરીકે લઇએ, આપણામાં હાલમાં થતાં સ્વામિવાત્સલ્યો. અને તે નિમિત્તે પરંપરાથી દ્રવ્ય વાવરતાં આવેલાં જૈન શ્રીમંતોને વાપરવાના નાણાનો ઉપયોગ કરવાનું કોમના વિદ્વાન અગ્રેસર આચાર્યોએ હાલના સમયને અનુસરતો એવો ઉચિત માર્ગ બતાવવો જોઇએ કે, જે ક્ષેત્રમાં વાપરવાથી બમણું અથવા ચારગણું પુણ્ય વાપરનાર વ્યક્તિ સંપાદન કરી શકે. પરાપૂર્વથી ચાલતી આવેલી પદ્ધતિ અનુસાર કરવામાં આવતાં સ્વામિવત્સલ્યો આ સદીમાં ચલાવી લેવાં યોગ્ય નથી. એટલુંજ નહિ પરંતુ આજના સ્વામિવાત્સલ્ય કરનારના હેતુ કેટલેક અંશે પ્રશસનીય હોય છે, પરંતુ વ્યવસ્થાની સંપૂર્ણ ખામીથી ઘણો બગાડ થવા પામે છે, અને તેથી અનેકવિધ ત્રસજીવો વિનાશ પામે છે, અનેક પ્રકારના રોગાદિક પણ વધવા પામે છે. આથી એમ સમજવાનું નથી કે સ્વામિવાત્સલ્યથી લખનાર વિરૂદ્ધ છે. તે સ્વામિવાત્સલ્યના પવિત્ર ઉદ્દેશને સંપૂર્ણ ભાવથી અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટે છે, પરંતુ હાલમાં પ્રવર્તતી ગેરવ્યવસ્થાને માટે તેને ઘણું લાગી આવે છે, અને તેથી તેના અંતરાત્મામાંથી એવા ઉદ્‌ગાર પ્રસંગોપાત્ત નીકળી આવે છે કે આના કરતાં તન્નિમિત્તે વાપરવા ધારેલું દ્રવ્ય ધાર્મિક શિક્ષણ આદિ શુભ કાર્ય--અગર કેળવણીના પ્રસાર અર્થે વાપરવામાં આવે તો મહાન લાભ થાય, એ વિચારવા યોગ્યછે.

"દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ" વિચારો. આજે જ્ઞાનયુગમાં આ પ્રાચીન પણ હાલમાં બીન ઉપયોગી જેવી જણાતી-કહેવાતી કેટલીક સમયને પ્રતિકુળ પ્રણાલિકા, રૂઢી, રિવાજોને વૃથા માન ન આપો. આજે માત્ર અને મુખ્ય તમારા દેશને ઉપયોગી થઇ પડે તેવું વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણ આપો જેથી જગતમાં તમે પણ અન્ય પ્રજાઓની માફક માનવંતુ સ્થાન ધરાવી શકો."

ઉપરની હકીકત માત્ર એક દૃષ્ટાંત રૂપે છે. આવી અનેક ધાર્મિક—સામાજિક અને વ્યવહારિક પૃથાઓ હજુપણ આપણા દ્રવ્યનો વ્યય સમયને પ્રતિકુળ થતાં કરાવે છે, એ વિષે જૈનપ્રજાએ સંપૂર્ણ લક્ષ આપી પોતાની કોમમાં કયા કયા ગેરવ્યાજબી ખર્ચો આજે પણ ચાલુ રહેલા જોવામાં અવે છે તે તપાસી તે વિષે ઘટતાં પગલાં લઇ અગર તો તેમાં ઘટતો સુધારો વધારો યા ફેરફાર કરી વિવેક પૂર્વક કાર્ય કરવામાં આવે તો ઘણું શ્રેયસ્કર થાય અને તેમ કરી પોતાનો માર્ગ પોતેજ કરી લેવાનો છે.

જૈન સમાજના નેતાઓએ મળીને એવા પ્રશ્નો ચર્ચવા જોઈએ-વારવાર ચર્ચવા જોઇએ કે જેથી કોમ ધાર્મિક, આર્થિક, વ્યવહારિક, સામાજિક વગેરે સ્થિતિમાં ઉંચુ પદ ધરાવવા શક્તિમાન થાય. સમાજનો મૂળરોગ દૂર કરવામા ન આવે, જ્ઞાની પ્રતિભાશાળી સમર્થ નેતારૂપ વૈદ્યની દવાનો સૌથી પ્રથમ ઉપયોગ કરી સમાજનો કોઠો સાફ ન થાય ત્યાં સુધી આપવામાં આવેલાં ઉપદેશામૃતો-વચનામૃતો વગેરે વ્યર્થ થઈ કશી અસર કરી શકતા નથી. આ વાત ખરાબર વિચારવા જેવી છે અને તેમાં પ્રમાદ દૂર કરવાની જરૂર છે. (ચાલુ).

# દેવદ્રવ્ય સંબંધી ચાલતી ચર્ચા.

—o-c-o-o—

દેવદ્રવ્ય સંબંધી કરેલ પંડિત બેચરદાસના ભાષણ માટે આ લેખકે આ માસિકના ગયા વૈશાક, જેઠ માસના અંકમાં લેખ લખી પંડિત બેચરદાસને શાસ્ત્રપ્રમાણ ખુલાસા આપવા માટે સુચના કરી હતી. કે જેથી સત્યાસત્યનો નિર્ણય થાય. પરંતુ અત્યાર સુધી બેચરદાસે પોતાના ખુલાસા બ્હાર મુકયા નહિ તેથીજ તેમની હકીકત શાસ્ત્રવિરૂદ્ધ છે એમ વધારે મનુષ્યોના માનવામાં આવે તે સ્વભાવિક છે, અને જયારે તેને માટે તેઓ મુંબઇના રહેનાર હોવાથી જે કામ મુંબઇના શ્રી સંઘે પ્રથમ કરવુ જોઇએ તે કામ તેમણે ન કર્યું,ત્યારે અમદાવાદ શ્રીસંઘે બહેચરદાસને ખુલાસા પુછવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે તે ઉપાડી લીધું અને તેના ખુલાસા આપવા માટે તા. ૧૪ મીએ અમદાવાદ આવવા બેચરદાસને પત્ર દ્વારા ખબર આપ્યા. સાંભળવા પ્રમાણે જેમ બહેચરદાસને પત્ર આપ્યો તેમ તે મીટીંગના પ્રમુખ રા૦ મોતીચંદ કાપડીઆને પણ કેટલાક ખુલાસા પુછવા અમદાવાદના શ્રીસંઘે પત્ર આપ્યો હતો, જેનો જવાબ સાંભળવા પ્રમાણે રા૦ મોતીચંદે શ્રી અમદાવાદના સંઘને લેખીત આપ્યો અને પંડિત બેચરદાસ તો ગયા નહિ, અને કંઇ પણ જવાબ આપ્યો નહીં પરંતુ દરમ્યાન મુંબઇના શ્રીસંઘ સમસ્ત શ્રીમાન્ વિજયધર્મસૂરિ આચાર્ય મહારાજના વ્યાખ્યાનમાં તેમની રૂબરૂ એક માફીપત્ર લખી તે ભાષણ, તથા તસ્મરણનો લેખ ( કે જે લેખ, આ લેખક તો અયોગ્ય માને છે, ) તે બંને ખેંચી લીધા. અને માફી માગી. આ સમાચાર કે કાંઇપણ જવાબ શ્રીઅમદાવાદના શ્રીસંઘે લખેલ પં૦ બેહેચરદાસ ઉપરના પત્રના જવાબરૂપે અમદાવાદના શ્રીસંઘને પંડિતે બીલકુલ આપ્યા નહિ જો તેમ કર્યું હોય તો તેમણે અયોગ્ય કર્યું છે. સાંભળવા પ્રમાણે ત્યારબાદ તેટલાજ માટે અમદાવાદ શ્રીસંઘ એવા ઠરાવ ઉપર આવ્યા કે પં. બહેચરદાસે મુંબઈમાં માગેલ *માફી અપૂર્ણ છે અને તેટલા માટે તા. ૨૮મી સુધીમાં જો તેઓ અમદાવાદ આવી* અમોએ જણાવ્યા પ્રમાણે માફી ન લખી આપે કે ખુલાસા કરવા ન આવે તો તે પછી બેચરદાસને સંઘ બ્હાર ગણવામાં આવશે. સાંભળવા પ્રમાણે બેહેચરદાસે એક પત્ર હાલમાં લખ્યો છે. અલબત બહેચરદાસે અમદાવાદના શ્રીસંઘના બે પત્રોનો કાંઇ પણ જવાબ વિનયપૂર્વક ન આપ્યા હોય તો વ્યાજબી કર્યું નથી છતાં અત્રે એક સ્વાલ ઉપસ્થિત થાય છે કે કેટલાકો એમ બોલે છે અમદાવાદના શ્રીસંઘને પુછવાનો કે નિર્ણય લાવવાનો શું હક છે? કારણ કે તેવી રીતે તો દરેક ગામના સંઘ પુછે. અને બધાને જવાબ કેમ અપાય. ! આ વાત તદન અયોગ્ય છે ધર્મની બાબત માટે પુછવાનો, ખુલાસો કરવા વગેરેનો દરેક ગામના સંઘને તો હક છે, પરંતુ દરેક જૈન વ્યકિતને પણ છે, પરંતુ તેનો નિર્ણય કે ફેસલો તેવો મનુષ્ય જે ગામનો રહીશ હોય તે ગામના શ્રી સંઘ કરે અને બીજા સર્વ માન્ય રાખે તેમ ધોરણ હોવું જોઇએ અને ન્યાયયુકત પણ તે છે; કારણકે દરેકે દરેકને જવાબ આપવાનું બની શકે નહિ. અને તેને લઇનેજ જ્યારે મુંબઇનો શ્રીસંઘ આ ચર્ચાથી શાંત હતો અને તેમણે કાંઇ પણ હીલચાલ કરી નહિ ત્યારે પ્રથમ તે દરમ્યાન અમદાવાદના શ્રીસંઘે તે વાત ઉપાડી તે અયોગ્ય નહોતું, પરંતુ જ્યારે સાંભળવા પ્રમાણે મુંબઇના શ્રીસંઘ તથા શ્રીમાન આચાર્યમહારાજ શ્રી વિજયધર્મસૂરિ મહારાજે આ વાત હાથમાં લીધી, માફી મંગાવી, ભાષણ અને લેખ ખેંચી લેવામાં આવ્યા, ત્યારે બેચરદાસનું આ પ્રકરણ હવે ખલાસ થયું છે. ( કારણ કે મૂળની નાસ્તિ થઇ છે ) અને જ્યારે ભાષણ વગેરે ખેંચી લેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે ત્યારે પંડિત બેચરદાસને તે વિષયમાં કાંઇ પણ કહેવાનું કે ચર્ચા કરવાનું કે સત્યાસત્યનો નિર્ણય કરવાનું સામાન્ય રીતે જોતાં લાગતું નથી. કારણ કે પંડિત બેહેચરદાસે તેમાં તેવું જણાવતા નથી છતાં દેવદ્રવ્ય–શાસ્ત્રપ્રમાણ, અને સશાસ્ત્ર છે, તેનો છેવટનો નિર્ણય આ લેખકના પોતાના મત મુજબ શાંતિથી થવો જોઇએ. અથવા તે સિવાય બીજી રીતે કાંતો બેચરદાસ પોતાની હકીકતનો શાસ્ત્રાર્થ કરવા માગતા હોય તો અથવા મુંબઇના શ્રીસંઘને લખી આપેલી માફી અપૂર્ણ છે એમ શ્રી અમદાવાદનો શ્રીસંઘ જેમ માને છે, તેમ બીજા ગામના શ્રીસંઘો માનતા હોય તો પછી તે માટે જૈન ધર્મના વિદ્વાન્ મહાશયો કે જેઓશ્રી આગમો વગેરેનું સારૂં જ્ઞાન ધરાવતા હોય તેવા બે મહાશયો અને સામી બાજુની માંગણી હોય તો એક અથવા બે જૈનેતર વિદ્વાન મહાશયોની મળી કમીટી કરી શાસ્ત્રાર્થ કરી, છેવટનો નિર્ણય લાવવો જોઇએ. તે નિર્ણય આવતાં પંડિત બેચરદાસનું ભાષણ શાસ્ત્ર વિરૂદ્ધ ઠરે કે અયોગ્ય ઠરે તો બેચરદાસે કોઇ પણ જાતના કદાગ્રહ સિવાય તરતજ શ્રીસંઘની માફી માગવીજ જોઇએ, અને તે પ્રમાણે પં.બહેચરદાસ કરવાની આનાકાની કરે તો તેના માટે તમામ શહેરોના શ્રીસંઘે ગમે તે ધાર્મિક શિક્ષા ફરમાવવી જોઇએ. આવી રીતે કમીટીદ્વારા નિર્ણય થયા સિવાય અમદાવાદના શ્રીસંઘે જે ઠરાવ બ્હાર મુકયો છે કે તા૦ ૨૮ મીની અંદર બહેચરદાસ અમદાવાદ આવી ખુલાસો ન કરી જાય–તેઓશ્રીના જણાવ્યા પ્રમાણે માફી ન લખી આપે તો સંઘ બ્હાર ગણવામાં આવશે તે યોગ્ય નથી.

આવા પ્રશ્નનો કમીટી દ્વારા શાસ્ત્રાર્થ કરી નિર્ણય થયા સિવાય આવી રીતે આખરી ફેંસલો કોઇ શ્રીસંઘ તરફથી અપાય તે જરા ઉતાવલ કરી એમ દેખાય છે અથવા ન્યાય પુર:સર ન થયું કહેવાય, અને તેથીજ બીજા જુદા જુદા લેખકોએ બીજા પેપરો વગેરે દ્વારા ઘણે ભાગે આ હકીકતને વળગીને લખે છે; તેમજ તે સાથે તેવા કેટલાક લેખકોએ આવી રીતે ફેંસલો અપાય તેને માટે જે વિચાર સ્વતંત્રતા અને વ્યક્તિ સ્વાતંત્ર્યતાનો નાશ થતો જણાવ્યો છે પરંતુ તે આવી ચર્ચાઓના–વિચાર સ્વાતંત્ર્યતાના મૂળમાં શ્રદ્ધા હોય તો વાંધો નથી. પરંતુ શ્રદ્ધા વગરની તેવી સ્વત્રંતા હોય તે તો માત્ર સ્વચ્છંદતાજ છે. જૈનદર્શન આખું શ્રદ્ધા ઉપરજ આધાર રાખે છે. વિચાર સ્વચ્છંદતા તો ત્યારે કહી શકાય કે–પૂર્વાચાર્યો શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજ જેવા અપરિમિત અને અતુલ જ્ઞાની મહાત્માઓ જે જે વિષયો માટે લખી ગયા છે–કથન કરી ગયા છે તેમાં કોઇ પણ વ્યક્તિને અલ્પબુદ્ધિને લઇને કાંઇ શંકાનું સ્થાન હોય કે ઓછું સમજાય કે ન સમજાય તે બનવાજોગ છે, પરંતુ શ્રદ્ધા તો સાથેજ હોવી જોઇએ, પરંતુ તેવા મહાન પુરૂષો લખી ગયા–કહી ગયા તે યોગ્ય નથી અને આ કાળના વ્હોળા જ્ઞાન અને અનુભવથી કે ઐતિહાસિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દષ્ટિથી પોતાનું જોવાયેલું તેવી વ્યક્તિ કાંઇ બહાર મૂકે તેજ સાચું છે એમ શાસ્ત્રાધારે નિર્ણય કર્યા સિવાય કે જાણ્યા-સમજ્યા વગર એમ છાતી ઠોકીને કોઇ કહે અને તેવા કહેનારનોજ માત્ર એકલોજ પક્ષ કરવો અને કથન કરેલ મહાન આચાર્યો શું કહે છે તે તરફ લક્ષ પણ ન આપે તે કોઇ પણ રીતે નિષ્પક્ષપાતપણું ન કહેવાય. તેવા ધુરંધર મહાન વિદ્વાન આચાર્ય મહારાજ કરતાં વધારે વિદ્વતા દેખાડવા જેવું જો થતું હોય તો તે તો અશ્રદ્ધાયુકત છે. એમજ ચોક્કસ ગણી શકાય. આટલી હકીકત જણાવ્યા પછી મૂળ હકીકત ઉપર હવે લેખક આવે છે આ દેવદ્રવ્યની ચર્ચામાં પણ તે સાબીત કરવાને હજુ સુધી કોઇ જાતની પણ તૈયારી તો પં. બહેચરદાસે કરી નથી. ખુલાસા પણ બહાર મૂકયા નથી એટલે સમાજમાં અશાંતિ-કોલાહલ ચાલ્યા કરે છે. દરેક મનુષ્યને શંકા ઉત્પન્ન થાય અને તે પ્રમાણે તેની સમાધાની થવી એ સહજ છે, જેથી કોઈ વ્યક્તિ પોતાની હકીકત શંકા તરીકે રજુ કરી જિજ્ઞાસુ થઈ તેની સમાધાની માટે પ્રશ્નો પૂછે, પોતાનો અભિપ્રાય જણાવે, પ્રયત્નો કરી શકે પરંતુ પોતાનો સિદ્ધાંત નિર્ણય તરીકે મુકી શકે નહીં, તેમજ મારૂંજ સાચું છે એમ કહી શકે નહીં તે પણ લક્ષમાં લેવા જેવું છે. જૈન ધર્મ પ્રકાશના આશ્વીન માસના અંકમાં સ્ફુટ નોંધમાં પા૦ ૨૩૦ મે તેના તંત્રી સાહેબ જણાવે છે કે પં. બહેચરદાસનું પ્રકરણ હવે સમાપ્ત થયું છે અને પા૦ ૨૩૪ મે આ પ્રશ્નનો નિર્ણય કમીટી દ્વારા લાવવાની ચેલેંજ કરે છે, તો તે લખાણથી તેમનો વિચાર પણ આ લેખકે ઉપર જણાવ્યા પ્રમાણે કમીટી દ્વારા કરવો અને પછી ફેસલો આપવો એમ દેખાય છે, અને જો એમ છે તો અમદાવાદના શ્રીસંઘે કમીટી દ્વારા નિર્ણય થયા સિવાય ભરેલું પગલું ( કરેલી શીક્ષા ) ઉતાવળું પગલું છે એમ તેઓ સ્પષ્ટ લખતા નથી પરંતુ ગર્ભિત જણાય છે. હવે પછી પણ કોઈ પણ વ્યકિત આવી ચર્ચા ભાષણ-લેખ કે ઉપદેશ આપે અને તે શાસ્ત્ર વિરૂદ્ધ હોય કે ઠરે તો તેનો કમીટી દ્વારા સત્યાસત્યનો નિર્ણય કરી તેની ભુલ માટે કાંતો તે માફી માગે અથવા તેમ ન કરે તો યોગ્ય શિક્ષા કરવામાં આવે તો સમગ્ર રીતે યોગ્ય કર્યું કહેવાશે અને જે કેટલીક સાચી, ન્યાયયુક્ત, શાસ્ત્રયુક્ત, અને કેટલીક તેનાથી વિરૂદ્ધ કે પક્ષાપક્ષી થઈ અનેક હકીકતો, હેન્ડબીલો, પેમ્ફલેટો દ્વારા બ્હાર પડી, ખંડનમંડન થાય છે અને ખેદ ઉપજે તેવા ગમે તેવા લખાણો થાય છે તે ન થતાં શાંતિથી સત્ય બહાર આવશે અને શાસ્ત્ર કે ધર્મ વિરૂદ્ધ બોલનાર, લખનાર કે ચર્ચા કરનાર પોતે પોતાની ભૂલ સુધારશે અથવા યોગ્ય શિક્ષાને પાત્ર થશે; પરંતુ ધોરણ સિવાય કરવા જતાં જેમ એક શહેર એક ઠરાવ કરે, બીજો જુદો કરે અને ત્રીજો મૌન રહે તેને બદલે આવી રીતે જે ગામનો આવી ચર્ચા કરનાર શખ્સ હોય તે ગામના શ્રીસંઘ મારફત કમીટી દ્વારા નિર્ણય થાય તો તે વાતને હિંદુસ્તાનના તમામ શ્રી સંઘો કબુલ કરશે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય અમલ કરશે અને તે રીતે સૌ સત્યને વળગી રહેશે આમ કરવાથી કોઈ પણ તેનો પક્ષ કરશે નહીં, છતાં પણ કોઇ કોરડુ મગની જેમ રહી પક્ષપાત કરી અસત્યને વળગી રહેશે તો તેના દુર્ભાગ્યની વાત છે.

આટલી હકીકત આ લેખક રજુ કરી મૂળ વાત ઉપર હવે આવે છે. તા. ૧૪ પછી કેટલાક દિવસ પછી અમદાવાદનો શ્રીસંઘ તા. ૨૮ મી નોટીશ ફરી પં. બહેચરદાસને જ્યારે આપે છે, દરમ્યાન જાણવામાં આવ્યું છે કે પં. બહેચરદાસ પોતાના ભાષણના ખુલાસા અને પોતે જે બોલેલ છે તેના પ્રમાણો આપવા બહાર પડયા છે, અને તેમની સહીથી જૈન પેપર વગેરેમાં લેખ પણ આવેલ છે. આ લેખકને તે વાંચી અજાયબી ઉત્પન્ન થઇ છે. એક વખત પોતાના ભાષણ પછી આઠ માસ જેટલો વખત નીકળી ગયા છતાં કાંઇપણ ખુલાસા આપતા નથી, જ્યારે અમદાવાદનો શ્રીસંઘ પૂછે છે ત્યારે પણ ખુલાસા મૂકતા નથી, જવાબ આપતા નથી, અને મુંબઇનો શ્રીસંઘ માફી પત્ર લે છે તે દરમ્યાન પણ ખુલાસા મુકતા નથી, માફીપત્રમાં પણ અમારે ખુલાસા કરવા બાકી છે એમ પણ ઉકત પંડિત જણાવતાં નથી, માફી સાથે પણ ખુલાસા મુકતા નથી, એટલા વખત પહેલાં કે દરમ્યાન ખુલાસા કમીટી દ્વારા હું કરીશ તેમ પણ જણાવતા નથી અને જ્યારે માફી માંગી લેખ તથા ભાષણ ખેંચી લીધા ત્યારે તો જૈન સમાજે માન્યું કે આ પ્રકરણ–ચર્ચા બંધ થઇ, શાંતિ થઈ; પરંતુ વળી પાછું પં. બહેચરદાસે ખુલાસા કરવા માટે પોતાની સહીથી લેખ બહાર મુકયો, આનો અર્થ શું તે આ લેખક સમજી શકતો નથી. જો કે પં. બહેચરદાસની સહીથી જૈનમાં તેવી નોટ આવ્યા પછી મુંબઇમાં બીરાજતા આચાર્ય શ્રીવિજયધર્મસૂરિ મહારાજે સાંભળવા પ્રમાણે જે માફીપત્ર લીધું હતું તેના ઉપરથી પોતાનો હાથ ઉઠાવ્યો છે અને સંઘોએ જે કરવું હોય તે કરો એમ પોતાના શિષ્ય મહાશય દ્વારા જણાવ્યું છે અને સાથે પં. બહેચરદાસને શાસ્ત્રાર્થ કરવો હોય તો તે તેઓ શ્રીમાન્ તૈયાર છે એમ પણ કહેલ છે આમ બન્યું છે, હવે તે બાબતમાં અમદાવાદના શ્રીસંઘને વિનંતિ છે કે કંઇ પણ ફેસલો તેઓશ્રીએ ન આપવો અને આપ્યો હોય તો તેનો ખુલાસા આવતા કે કમીટીદ્વારા નિર્ણય આવતાં સુધી મુલતવી રાખવા નમ્ર સુચના છે. અને તે કામ પંડિત મુંબઇના રહેનાર હોવાથી મુંબઇના શ્રી સંઘનું છે; તો પં. બહેચરદાસે મુંબઇના શ્રી સંઘને વિનંતિ કરવી કે કમીટી દ્વારા હું મારા ભાષણનો સત્યાસત્યનો નિર્ણય કરાવવા માગું છું અને મારી હકીકત શાસ્ત્રની વિરૂદ્ધ ઠરશે તો હું માફી માગવા તૈયાર છું, એવી માંગણી મુંબઇના શ્રી સંઘ પાસે મુકી કમીટી નીમાવવી નિર્ણય કરાવવો. માત્ર પોતાના ખુલાસા માત્ર લેખદ્વારા આપવાથી નિર્ણય થઇ શકે જ નહીં. મુંબઈના સંઘ કે તેઓ મૂળ જ્યાં બીજે સ્થળે રહેતા હોય તો ત્યાંના શ્રીસંઘની પાસે તે માગણી કરી શકે છે જેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ જલદીથી તેમણે કરવું અને જો પંડિત બહેચરદાસ કોઇ ગામના સંઘને તેવી વિનંતિ ન કરે તો પછી અમદાવાદના શ્રીસંઘે બીજા મોટા શહેરોના સંઘને જણાવી સલાહ પ્રમાણે કમીટી નીમી મુંબઇ, પાલીતાણા કે કોઇ બીજું કોઇપણ એક સ્થળ મુકરર કરવું, તારીખ નકી કરી બહેચરદાસને ખબર આપવા અને તે રીતે કમીટી દ્વારા આ પ્રશ્નનો નિર્ણય લાવવો. પં. બહેચરદાસની હકીકત કમીટી અસત્ય અને શાસ્ત્ર વિરૂદ્ધ ઠરાવે છતાં પં. બેહેચરદાસ માફી ન માંગે અથવા કમીટી નીમવાની તે વિનંતિ ન કરે, જ્યારે કમીટી મુંબઇનો સંઘ કમીટી નીમી નિર્ણય લાવવા પ્રયત્ન ન કરે તો અમદાવાદ કે બીજા ગામનો સંઘ સલાહ મુજબ નકી કરે; તેના ખબર આપ્યા છતાં બહેચરદાસ આવવાની, કે નિર્ણય કરવાની, ફેંસલો લેવાની આનાકાની કરે કે અખાડા કરે કે જવાબ ન આપે તો પછી તે કમીટી જે ફેંસલો આપે તે હિંદુસ્તાનના તમામ ગામના સંઘોએ કબુલ જ કરવાનો છે, જેથી તેમાં જે નકી થાય તે પ્રમાણે સર્વેએ અમલ કરવો. આ રીતે કર્યા પહેલાં સંઘબહારની શિક્ષા કોઇપણ સંઘે કરવી તે આ લેખકને ન્યાયથી જુદું અને ઉતાવળીઉં પગલું લાગે છે; તો અમદાવાદના શ્રી સંઘને અમારી નમ્ર વિનંતિ છે કે આ રીતે ધોરણસર મુંબઇનો સંઘ કરે અને તે ન કરે તો આપ (અમદાવાદનો શ્રીસંઘ) કરો તે યોગ્ય લાગે છે. આમ કરવાથી પં. બહેચરદાસની ભૂલ હશે તો બચી જતા નથી અને તે સંબંધમાં બીજા લખનારા કે બોલનારાઓને પણ અવકાશ રહેશે નહિ તેટલું જ નહિ પરંતુ બહેચરદાસને જો ધર્મની ખરી શ્રદ્ધા અને પ્રેમ હશે તો કમીટી જે ફેંસલો આપશે તેનાથી પોતાની ભુલ જોઇ પશ્ચાતાપ કરી તે સુધરશે. જૈન સમાજ પણ તે હકીકત બહાર આવતાં દેવદ્રવ્ય સશાસ્ત્ર અને શાસ્ત્રપ્રમાણ જ છે; તેને માટે વધારે શ્રદ્ધાવાન બનશે અને પંડિત બેચરદાસ છતાં આગ્રહ કરશે તો સમાજની દ્રષ્ટિએ યોગ્ય શિક્ષા થશે, તેટલું જ નહિ પરંતુ સમાજના તિરસ્કારને પાત્ર કાયમના માટે થશે. આ પ્રમાણે કરવા આ લેખક નમ્ર વિનંતિ કરે છે. I. A.

## શ્રી દીવાળીનું સ્તવન.

ધીરાની કાફીનો રાગ.

દીવાળીને ભાળી રે આજે મને આનન્દ અતિ,
વિલોકું જયશાળીરે પૂરણ મ્હારા પ્રાણ પતિ,
જીનવરજીના નામ સ્મરણની પ્રગટાવું દીપમાળ;
અંધકાર સહુ અળગો કરીને દેખું દીનદયાળ;
પૂજું પ્રેમના પુષ્પેરે રહે નહીં ખામી રતિ—દિવાળીને૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી પૂજું હું માત શારદા દો સાચી વિદ્યાય,
સાચી વિદ્યામાં સુખ સાચું હૈડું જ્યાં હરખાય;
કાચીમાં સુખ કાચું રે મેળવવા નથી મારી મતિ—દિવાળીને૦ ૨
પ્રેમે લેખ લખું હૃદ્પટ પર નમી પ્રથમ [1]ગણરાય,
પ્રભુ ભક્તિના ભાવો પેખી દિલમાં સુખ દેખાય;
અમુલ્ય લાભ આ લેશે રે હોશે જે કોઈ જોગી જતી—દિવાળીને૦ ૩
વિધવિધ પ્રાણાયામ કરી કરૂં નાદાનું સંધાન,
ફુટ ફટાકા કેરા ઠામે ગાઉં અનહદ ગાન;
ગમ જાણે આ જ્ઞાની રે ગમારની પહોંચે ન મતિ—દિવાળીને૦ ૪
ભાતભાતનાં કરૂં ભોજની આં સાધન રૂપ સુખ ધામ,
પીરસું મ્હારા પ્રેમી જનોને બેસે નહિ બદામ;
સાધન તો છે સ્હેલું રે ક્ષેમ સદા—નથી સ્વલ્પ ક્ષતિ—દિવાળીને૦ ૫
જે દિન થાય ભજન ભગવત્‌નું દિવાળીનો એ દિન,
જે દિન થાય નહિ જીન સ્મરણ છે દિન તો છિન્નભિન્ન;
અજીત પ્રભુની નૈતમતા રે પ્હલીઆવી નિહાલિન્તી—દિવાળીને૦ ૬

લેખક—પં. અજીતસાગર.

# પ્રાચીન અને નવીન ભાવનાનું સંઘર્ષણ.

શ્રદ્ધા અને વિચારસ્વતંત્રતા એ પ્રાચીન અને અર્વાચીન ભાવનાના બે જુદાં સ્વરૂપો છે. પ્રાચીન કાળમાં શ્રદ્ધાનેજ આગળ કરી દરેક કાર્યો આટોપવામાં આવતા હતા અને વિચાર સ્વતંત્રતાને ગૌણપદ અપાતું હતું; કેમકે તે વખતે તે કાળના મનુષ્યો પશ્ચિમના સંઘટ્ટનમાં આવ્યા નહોતા. હાલમાં વિચારસ્વતંત્રતાનું સૂત્ર નવયુવકોના અંતઃકરણના ધ્વજપટ ઉપર પ્રત્યેક સ્થળે આલેખાયું દષ્ટિગોચર થાય છે. પરંતુ વિચારસ્વતંત્રતા અને વિચારસ્વચ્છંદતાનો ભેદ કળી શકવાની ખામીને લીધે ચોક્કસ પ્રકારનું કલેશમય વાતાવરણ ઉત્પન્ન થયેલું જોવાય છે. વિચારસ્વતંત્રતા શ્રદ્ધા મૂલક હોય તોજ તે પ્રશસ્ય ગણાય છે. એ તો સિદ્ધ છે કે મનુષ્યને શ્રદ્ધા ન હોય તો એની પ્રવૃત્તિ સંભવી શકેજ નહિ. અમુક પદાર્થ અમુક પ્રકારનો વસ્તુતઃ છે એમ માનીનેજ—અર્થાત શ્રદ્ધાપૂર્વકજ—મનુષ્ય સર્વ વ્યવહારમાં ઉતરે છે અને

૧ ઇન્દ્રિયોના ગણના અધિપતિ આત્મા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્ય ક્ષણવાર પણ વ્યવહારશૂન્ય ટકી શકતો નથી. 'સાયન્સ' જે શંકાનું ઉત્પત્તિ સ્થાન છે તે પણ ખરૂં જોતાં કાર્યકારણની સંકલના ઉપર શ્રદ્ધા રાખીનેજ પ્રવર્તે છે; અમુક કાર્ય કારણના નિયમનો જ્યાં ભંગ થતો હોય ત્યાં સાયન્સ એ નિયમ માટે શંકા ન ધરાવતાં ભવિષ્યમાં જુદો ખુલાસો થશે એમ શ્રદ્ધા રાખે છે.

બુદ્ધિવાદ અને તર્કવાદ શંકાને જન્મ આપે છે. એક વિદ્વાને કહ્યું છે કે:— "Doubt is the disease of privileged souls" શંકા એ આત્માનો રોગ છે પણ એ રોગ હોવો એ પણ એક અસાધારણ અધિકાર છે-આવાં વચનમાં શંકાપ્રધાન ઉચ્ચતાને પાશ્ચિમાત્યોએ સાબીત કરેલી છે.

નવીન ભાવના વિચારસ્વતંત્રતા-બુદ્ધિવાદ-ખાસ કરીને પૂર્વ અને પશ્ચિમના સંક્રાંતિ કાળના પ્રવાહે આધુનિક યુવકોમાં પલ્લવિત કરેલી છે. કેમકે પ્રત્યેક યુવક પોતાની માનસિક, વાચિક તથા કાયિક પ્રવૃત્તિનું સૂક્ષ્મ અવલોકન કરશે તો તુરત જણાઈ આવશે કે દરેક ક્ષણે તે માત્ર લાગણીના ખળખીજ દોરાય છે પોતાના દૃઢ થયેલા સંસ્કારોને લીધે જે મનના પ્રવર્તનબળ (impulse) નો વેગ હોય છે તે સાથે પક્ષપાત બંધાઇ જાય છે તે જોઇ શકતો નથી-પણ અમુક લેખક પોતાના લખેલા ગ્રંથની ખામી જોઇ શકતો નથી-પણ અમુક કાળ ગયા પછી-મેં આ ગ્રંથ લખ્યો છે તેવી વિસ્મૃતિ થયા પછી જો તે એ ગ્રંથને તટસ્થ વૃત્તિથી-વિચારસ્વચ્છંદતા વગર-અવલોકે તો ત્યાં તેની અપૂર્ણતાનું ભાન થયા વગર રહેતુ નથી. જે ભાવનાઓ અમુક વખતે સંપૂર્ણતાવાળી લાગે છે તે કાળે કરીને નિષ્પક્ષપાતપણે વિચારતાં ત્યાં તે અપૂર્ણતા જુએ છે.

જ્યારે મનુષ્ય પ્રવૃત્તિના આવેગમાં હોય છે ત્યારે તેના અંતિમ ફળ-પરિણામનો વિવેક કરી શકતો નથી. વિચારસ્વતંત્રતાની હદમાં **वादे वादे जायते तत्त्वबोधः** એ સૂત્ર સમાય છે. પરંતુ પ્રવૃત્તિના આવેગમાં જ્યારે તે હદ ઓળંગી જવાય છે ત્યારે જિજ્ઞાસુપણું જતું રહેતાં-શંકાનું શ્રદ્ધામૂલકપણું નષ્ટ થાય છે. વિચારસ્વતંત્રતાના જમાનામાં શંકા ઉત્પન્ન કરવી એ સત્યસ્વરૂપને જોવા માટે જાડું આવરણ પાતળું કરવાતુલ્ય છે. કેમકે શંકાની ઉત્પત્તિ બુદ્ધિના પ્રદેશમાંથી છે. જ્યારે આત્મા તેની ક્ષયોપશમજન્ય બુદ્ધિને અજમાવે છે ત્યારે બુદ્ધિ સૂક્ષ્મ અને અને સમર્થ થતી જાય છે અને શ્રીમદ હરિભદ્રસૂરિએ પ્રબોધેલા ધર્મવાદની કોટીઓથી રહસ્ય પ્રકટ થાય છે. શંકા થવી અને તેની નિવૃત્તિ થવી એ સત્યસ્વરૂપ પ્રાપ્ત કરવામાં એક પગથીયું આગળ વધવા બરાબર છે. પરંતુ શ્રદ્ધા વગરની શંકા નિ:સાર નીવડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે વખતે શ્રદ્ધાપ્રધાન જમાનો હતો તે વખતે પણ મહાન્ આચાર્ય શ્રીમદ્ હારિભદ્રસૂરિએ દરેક પ્રમાણોની કોટિઓને યુક્તિથી ગ્રહણ કરવા માટેજ જાહેર કરેલું છે. તેવીજ અન્યદર્શનના નીચેના શ્લોક ઉપર બુદ્ધિને ઘરાણે મુકીને અંધશ્રદ્ધા વડેની માન્યતા તરફ કટાક્ષ કરેલો છેઃ– તે શ્લોક આ છેઃ—

पुराणं मानवो धर्मः सांगो वेदश्चिकित्सितं ।
आज्ञासिद्धानि चत्वारि नहंतव्यानि हेतुभिः ॥

મતલબ કે વિશ્વનું ( universal ) વિશાળદર્શન-વિચાર સ્વતંત્રતાનેજ પૂર્વકાળમાં પણ પ્રધાનપદ આપી રહ્યું છે.

પ્રસ્તુત પ્રસંગમાં માંગરોળ સભાના હોલમાં શ્રીયુત્ બહેચરદાસે રા. મોતીચંદ ગીરધરલાલ સોલિસિટરના પ્રમુખપણા નીચે 'જૈન સાહિત્યમાં થયેલા વિકારો' સંબંધી લગભગ નવ માસ પહેલા ભાષણ આપ્યું હતું તેમાં 'દેવદ્રવ્ય.' જૈનાગમમાં નથી; 'સેકડે પચાણું ટકા કથાઓ કાલ્પનિક છે' 'તમસ્તરણ' થયું હતું; વિગેરે વિગેરે નિર્ણયાત્મકપણે ભાષણ અને લેખ દ્વારા દર્શાવ્યું હતું; જેથી જૈનસમાજ સાગરમાં મોટો ખળભળાટ ઉત્પન્ન થયો છે.

શ્રીયુત્ બહેચરદાસે અમારી માન્યતા પ્રમાણે જે શબ્દો ભાષણના પ્રસંગે વાપરેલા છે તે શબ્દો વિચાર સ્વાતંત્ર્ય જે નવીન ભાવનાનું લક્ષણ કહેવામાં આવે છે, તેની હદ ઓળંગી ગયેલા છે. અને જૈનાગમમાં પંચાંગી વિગેરે નહીં માનવા તરફ જાણે ન હોય તેમ દેખાય તેવું છે; તર્કવાદ ચલાવનાર કોઇ પણ મનુષ્ય પોતાનો સિદ્ધાંત નિર્ણય તરીકે જાહેરમાં મુકી શકેજ નહિ. માત્ર શંકાઓ રજુ કરી જિજ્ઞાસુ થઈ સમાધાનની આશા નિરભિમાનપણે રાખી શકે.

વિચારભેદની જે અથડામણી ઉત્પન્ન થવા પામી છે તેનું મૂળ કારણ નવા જમાનાના યુવકો વિચારસ્વતંત્રતાનું ખુન થયેલું માને છે તે છે; પરંતુ બુદ્ધિ-વિવેક પૂર્વક જો વિચાર કરશે તો તુરત જણાઇ આવશે કે મી. બેચરદાસનું ભાષણ શંકા અથવા જિજ્ઞાસુપણાને પ્રધાનપદ નહીં આપવા જેવું બહાર આવ્યું છે. આશ્ચર્ય છે કે રા. મોતીચંદ કાપડીયા જૈનદર્શનના તત્વજ્ઞાનના અભ્યાસી હોવા છતાં તેમણે સભામાં આ ભાષણ આગળ ચાલવા દઇ "આવી વિચાર સ્વતંત્રતાને" કેમ ઉત્તેજન આપ્યું હશે !

હવે અમો જે કહેવા માગીએ તે એ મુદ્દો છે કે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ અનુસારે–જૈનાગમની રાજનીતિ અનુસારે દરેક સમાજે સહનશીળ થવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદય-ઔદાર્ય દેખાડવાની જરૂર છે. ગાલિપદાન અથવા કડક ભાષાથી જ બોલી લેખો લખી અમુક મનુષ્યને સુધારી શકાય તે કરતાં તેના તરફ સહનશીળ વર્તનથી સુધારી શકાય, તો કલેશમય વાતાવરણ નહિ વધતાં પરિણામ સારૂં લાવી શકાય. વસ્તુસ્થિતિ આમ હોઇ મી. બેચરદાસના ભાષણના રદીઆ આપવા માટે અમુક વિદ્વાન સાધુઓ અથવા અમુક વિદ્વાન્ ગૃહસ્થોનું 'કમીશન' તટસ્થ સ્થાને; બેસાડવાની આવશ્યક્તા હતી; જે મી. બહેચરદાસને રૂબરૂમાં જ બોલાવી સમસ્ત સંઘના એકત્રિત બળથી વસ્તુસ્થિતિ અને તેમની ભૂલો જાહેરમાં લાવી-અથવા ખાનગીમાં તેમને સમજાવી-તે પાછું ખેંચી લઇ માફી માગવા પ્રેરણા થઇ હોત તો જૈનસમાજના યુવકો જૈનાગમનું રહસ્ય સમજવા પામત અને મી. બહેચરદાસને જલદી પોતાની ભૂલ જોવાનો પ્રસંગ પ્રાપ્ત થાત.

પરંતુ હવે જયારે અમદાવાદના શ્રીસંઘે મી. બહેચરદાસને 'સંઘબાહ્ય' ઠરાવ્યા છે ત્યારે અમારા આ વિચારો અરણ્યમાં રૂદન કરવા જેવા અમોને લાગે છે શ્રી સંઘે ઉપરનો પ્રસંગ ધ્યાનમાં લઈ મી. બહેચરદાસને સમસ્ત સંઘના કમીશન દ્વારા સુધરવાનો અવકાશ આપી સહનશીળતા દાખવી હોત તો તેમનું ઔદાર્ય ગણાત અને કલેશમય વાતાવરણ દૂર થતાં પરિણામ સુંદર આવત એમ અમારી આધીન માન્યતા છે.

સમસ્ત સંઘની વિદ્વાન વ્યક્તિઓના કમીશન દ્વારા મી બહેચરદાસ પરત્વે કામ લીધું હોત તો કોર્ટના નિયમાનુસાર વાદી પ્રતિવાદી તરીકે તત્ત્વવાદના રહસ્યરૂપ જજ્જમેંટ મળ્યાથી ખરેખરી વિચાર સ્વતંત્રતા કોને કહેવાય તે પ્રકટ થાત. છતાં મી. બહેચરદાસ પોતાનો કદાગ્રહ ચાલુ રાખત તો સમસ્ત સંઘનું કમીશન તેને જે શાસન ફરમાવે તે સહન કરવા તૈયાર રહેવું પડત.

ટુંકામાં શાસન સંરક્ષકોનું કર્તવ્ય એ છે કે પરિણામ માટે બહુ વિચાર કરી કેટલુંક કાર્ય ભવિષ્યકાળને સોંપી શકાય જોવી. જરા જમાનાના પ્રવાહનો વિચાર કરી દૃષ્ટિબિંદુને ફેરવી જોવાથી-સાહસ ન કરવાથી ઈપ્સિત ફળની પ્રાપ્તિ કરાવી શકાય છે. શુષ્ક તર્કવાદનો **શ્રદ્ધાપ્રધાન** તર્કથી નિર્ણય કરી કલેશમય વાતાવરણને અટકાવવા ઉપર લક્ષ્યસ્થાન રાખવાથી શાસનનું રક્ષણ બળથી જ નહિ કરતાં ન્યાયપુરઃસર કરવા અમારો નમ્ર પણ દૃઢ અભિપ્રાય પુનઃ જાહેર કરીએ છીએ.

લે૦ ન્યાય અન્વેષક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

( પ્રસિદ્ધ કરવા માટે-જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે ).

૧. શ્રી દાન પ્રદીપ ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. શ્રી મહાવીર ચરિત્ર ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલ છે પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. શ્રી વિમલનાથ ચરિત્ર ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. શ્રી ઉપદેશ સપ્તતિકા ( શ્રી સોમધર્મગણિ વિરચિત ).

૫. શ્રી ધર્મપરિક્ષા ( અપૂર્વ કથાનક ગ્રંથ .

૬. શ્રી સંબોધ સપ્તતિ-શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ અને વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્ત્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી-કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી અહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેટલોજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

## જાહેર ખબર.

નીચેના **શ્રી દયાવિમલજી ગ્રંથમાળા**નાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે અને તે સાધુ સાધ્વી મહારાજ તથા જાહેર લાયબ્રેરી અને જાહેર સંસ્થા વગેરેને ભેટ આપવાના છે.

| | |
|---|---|
| ૧ નરભવ દ્રષ્ટાંત | ૨ મૌન એકાદશી કથા ( સંસ્કૃત ) |
| ૩ જૈન સ્તોત્ર રત્નાવળી | ૪ પ્રશ્નદ્વાત્રિંશિકા સ્તોત્ર સ્વોપજ્ઞ બાલબોધ સહિત |
| ૫ પ્રાચીન સ્તવન સંગ્રહ ભા. ૧ લો | ૬ શ્રી શ્રમણસૂત્ર. |
| ૭ શ્રી જ્ઞાનવિમલસૂરિ ચરિત્ર | ૮ સંસાર દાવાનલ સ્તુતિ વૃત્તિ. |
| ૯ કલ્યાણમંદિર સ્તોત્ર રત્નાવળી - | ૧૦ સાધુવંદના રાસ. |

૧૧ શ્રી જંબુ સ્વામી રાસ તથા બાર વ્રતની ટીપનો રાસ.

### પન્યાસજી શ્રી મુક્તિવિમલજી મહારાજનાં રચેલા ગ્રંથો.

| | |
|---|---|
| ૧૨ શ્રી પર્યુષણકલ્પ મહાત્મય | ૧૩ શ્રીજ્ઞાનપંચમી કથા |
| ૧૪ પોષ દશમ ગદ્યબંધ | ૧૫ પોષ દશમ શ્લોકબંધ |
| ૧૬ મેરૂતેરશની કથા શ્લોકબંધ | ૧૭ રોહિણી કાવ્ય |
| લઘુ ચૈત્યવંદન ચોવીશી. | ચંપકશ્રેષ્ઠિ કથા. |
| જૈન સ્તોત્ર રત્નાવળી સંસ્કૃત | ગુંહલી સંગ્રહ |

નીચે લખેલાં પુસ્તકો થોડા વખતમાં બહાર પડવાનાં છે.

| | |
|---|---|
| ૧ પ્રશ્નોત્તર રત્નાકર | ૨ આગમવાચનમિમાંસા |

**નીચેનાં સીરનામેથી મંગાવી લેવાં—કોઠારી ચંદુલાલ મોહનલાલ.**
**ઠે૦ દેવશાનો પાડો—અમદાવાદ.**

### આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ શેઠ મણીલાલ ઉત્તમચંદ પાટણવાળા | મુંબઇ | બી. વ. | લાઇફ મેમ્બર. |
| ૨ શ્રી આત્માનંદ જૈન લાઇબ્રેરી | જુનાગઢ | બી. વ. | લાઇફ મેમ્બર. |

For Private And Personal Use Only

# આત્મોન્નતિનું મહાન સાધન.

" આપણા લોકોને વાંચવાનો શોખ ઓછો છે, અને તેથી એક ગૃહસ્થમાં જેટલું બહુશ્રુતપણું હોવું જોઇએ તેટલું ઘણા ખરા ગૃહસ્થોમાં દીઠામાં આવતું નથી. આ અજ્ઞાનપણાનું પરિણામે જે થવાનું હતું તે આપણા લોકો પર થયું છેજ. નાનપણમાં જે કાંઇ ધર્મ સંબંધી તથા બીજું અલ્પ ગૃહશિક્ષણ હમણાં મળે છે તથા પૂર્વે મળતું હતું તેટલા શિક્ષણ ઉપરજ આખી ઉમ્મર સુધી તે નિભાવે છે. આવું એક દેશીય તથા તે પણ થોડું શિક્ષણ મેળવ્યાથી વૃથાભિમાન, ધર્મના વ્હેમ, દુરાગ્રહ, આવા દુર્ગુણ વારંવાર આ દેશના ગૃહસ્થ લોકોના બોલવામાં તથા વ્યવહારમાં જણાઇ આવે છે. ' આપણું જે છે તેજ સારૂં છે ' એવું અભિમાન રાખવું એ કેટલીક રીતે હિતકારીજ છે; પરંતુ બીજાનું ગમે તેટલું સારૂં હોય તો પણ તેનો અંગીકાર કરવો નહિ એ તો બધા કરતાં ખોટું છે. ' બીજેથી કાંઇ શિખવાનુંજ નથી ' એવો દુરાગ્રહ તો દેશોન્નતિની બાબતમાં જ નહિ પરંતુ વ્યક્તિઓના ઉત્કર્ષની બાબતમાં પણ ઘણોજ ઘાતક છે. ' જૂનું સર્વ સારૂં અને નવું એટલું સર્વ નિંદ્ય એમ નથી. સજ્જન પુરૂષો તો પરીક્ષા કરીને એમાંથી જે સારૂં હોય તેજ સેવે છે; બીજાની બુદ્ધિએ ચાલનારા મૂર્ખ છે. ' એ વચન પ્રમાણે ખુલ્લા તથા ઉદાર મનથી તથા શોધક બુદ્ધિથી બધા વિષય તરફ જોવું તથા બીજાના અભિપ્રાય ઉપર છેક ન રહેતાં પોતે સુવિચારથી તેનું મનન તથા ચિંતન કરીને પોતાનો અભિપ્રાય કાયમ કરવો એ આત્મોન્નતિનું એક મહાન સાધન છે અને એ સાધન ગ્રંથવાચનથી પ્રાપ્ત થાય છે એમાં કંઇ પણ શક નથી. "

" ગ્રંથચર્ચા " ના આધારે.